Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૬ મું ] [ અંક ૭ મો

વૈશાખ

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી એપ્રીલ

વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૬ મું અંક ૭ મો. | વૈશાખ | વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


૧ શ્રી વીતરાગ જય પામ ... (ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૪૫
૨ शुभ कार्य ... ... ... ... ... (રાજમલ ભંડારી) ૧૪૬
૩ જ્ઞાનપ્રામાણ્યવાદ : ૨ ... (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૪૭
૪ શ્રી વીર જન્મ કલ્યાણકની ઉજવણીનો ... ... ...
એક પ્રકાર ... (મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી) ૧૫૧
૫ સાહિત્યવાડીનાં કુસુમો ... ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૫૩
૬ જૈન કાવ્ય-સાહિત્ય ... ... (મૃદુલા છોટાલાલ કોઠારી) ૧૫૭
૭ સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિઓથી વિભૂષિત ... ... ...
પાઇય કૃતિઓ ... (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા M A.) ૧૫૯
૮ પ્રભુની સેવાની પ્રથમ ભૂમિકા ... (ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૬૨
૯ શ્રી અક્ષયતૃતીયાનું માહાત્મ્ય ... (મુનિરાજશ્રી ન્યાયવિજયજી ત્રિપુટી) ૧૬૫


### સુધારો

"ચૈત્ર" માસના અંકમાં પૃષ્ઠ ૧૩૯ પર "સિજ્ઝંતિ ચરણરહિયા, દંસણ-રહિયા ન સિજ્ઝંતિ" એ પંક્તિનો "ચરણકરણ વિનાના સીદાય છે, પણ દર્શન-શ્રદ્ધા વિનાના સીદાતા-દુઃખી થતા નથી" એવો જે અર્થ કરવામાં આવ્યો છે તે ભૂલભરેલો છે એટલે તેનો અર્થ આ પ્રમાણે સુધારીને વાંચવો-દ્રવ્ય ચારિત્ર વગરના સિદ્ધ થાય છે, સમ્યક્ત્વ વગરના સિદ્ધ થતા નથી.

### "પ્રકાશ" સહાયક ફંડ

ગયા માસમાં જણાવી ગયા પછી આ માસમાં નીચે પ્રમાણે રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. દરેક બંધુઓને પોતાનો ફાળો મોકલી આપવા આગ્રહભરી વિજ્ઞપ્તિ છે.

| | | |
|---|---|---|
| ૧૨૫) | અગાઉના | |
| ૫) | શા. મનસુખલાલ નરશીદાસ | મુંબઇ |
| ૫) | શા. જયસુખલાલ રામચંદ | ભાવનગર |
| રૂા. ૧૩૫) | કુલ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૬ મું.
અંક ૭ મો.
: વૈશાખ :
વીર સં. ૨૪૭૬
વિ. સં. ૨૦૦૬

## વીતરાગ ! જય પામ !

વીતરાગ જય પામ ! જગતગુરુ ! વીતરાગ જય પામ !
તુજ પ્રભાવથી મુજને હોજો, ભવનિર્વેદ ભગવાન ! જગતગુરુ ! ૧
માર્ગ અનુસારિપણું હોજો, હોજો ઇષ્ટ ફ્લ મુજ;
લોકવિરુદ્ધનો ત્યાગ હજો ને, હોજો ગુરુજનપૂજ. જગતગુરુ ! ૨
પરોપકારકરણ મુજ હોજો, હોજો શુભ ગુરુજોગ;
ભવ પર્યંત તસ વચનનો હોજો, અખંડ સેવનયોગ. જગતગુરુ ! ૩
નિયાણાનું બાંધવું તો વાર્યું, તુમ સિદ્ધાંતે દેવ !
તો પણ મુજને ભવભવ હોજો, તુમ ચરણની સેવ. જગતગુરુ ! ૪
તુજ પ્રણામથી દુઃખક્ષય હોજો, હોજો કર્મક્ષય નાથ !
લાભ સમાધિમરણનો હોજો, હોજો બોધિલાભ સાથ. જગતગુરુ ! ૫
સર્વ મંગલનું મંગલ જે છે, સર્વ કલ્યાણ નિદાન;
જયવંતું તે જિનશાસન છે, સર્વ ધર્મમાં પ્રધાન. જગતગુરુ ! ૬
'જય વીયરાય' સ્તોત્રતણો આ, ભાવગ્રાહી અનુવાદ;
**મનનંદન ભગવાને** કીધો, લીધો પ્રભુ સુપ્રસાદ. જગતગુરુ ! ૭

ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા. M. B. B. S.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## शुभ–कार्य ।

करना नहीं चिंता कभी, जो कुछ बने सो ठीक है।
जैसा उदय होगा शुभाशुभ, कर्म ही वह ठीक है ॥ १ ॥

होगा उदय शुभ कर्म तो, नहीं हर्ष करना ठीक है।
गर उदय हो अशुभ तो, नहीं शौक करना ठीक है ॥ २ ॥

समभाव से सब क्रुर्म सहना, सिद्धान्त ही यह ठीक है।
अपने शुभाशुभ कमका, दोष देना अन्यको, यह नहीं कुछ ठीक है ॥ ३ ॥

करता करोलिया जाल को, अपनी रक्षा के लिये।
उसमें फसाता जन्तु को, और मानता वह ठीक है ॥ ४ ॥

इस तरह करते ही करते, वह समय भी आगया।
वह जाल भी घातक बनी, यह क्या? सुरक्षा ठीक है ॥ ५ ॥

लाकर कुसुमसे रस, मधुमखी करे संचय उसे।
यह रस ही पोषक ना बना, यह संग्रह क्या? ठीक है ॥ ६ ॥

करती है संग्रह चिटिंया, चुन चुनको अपने ही लिये।
यह भक्ष्य तीतरने बनाया, यह क्या परिश्रम ठीक है ॥ ७ ॥

संग्रह वृत्ति रहती सदा, ममत्व की ही प्रतिक है।
देखें न न्यायान्याय को, यह संग्रह क्या ठीक है? ॥ ८ ॥

इस तरह जीवन में नहीं, देख न्यायान्याय को।
करते रहे कर्मों की प्रवृति, यह नहीं कुछ ठीक है ॥ ९ ॥

अल्प जीवन है मगर, कार्य करने है अधिक।
तो राज शुभ ही कार्य करना, जो आतमा को ठीक है ॥ १० ॥

राजमल भण्डारी–आगर ( मालवा )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ज्ञानप्रामाण्यवाद ।

## ( २ )

લેખક—શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી

( અનુસંધાન પૃષ્ઠ ૧૧૬ થી )

જૈન દર્શન વાસ્તવવાદી Realist છે, એટલે જગતને-જ્ઞેયને વાસ્તવ ( real ) માને છે, જ્ઞેય અને જ્ઞાતા subject and objectનું સ્વતંત્ર ભિન્ન ભિન્ન અસ્તિત્વ માને છે. વિજ્ઞાનવાદી Idealistની જેમ જ્ઞેયને જ્ઞાતાનો જ આવિર્ભાવ કે અંશ જૈનદર્શન માનતું નથી. એટલે જ્ઞેય-જ્ઞાનનો વિષય જ્ઞાનમાં આવે ત્યારે તે જ્ઞાનનો પ્રત્યય જ્ઞાનના વિષયને મળતો હોય-બંધબેસતો હોય, સંવાદી અથવા અવ્યભિચારી હોય તો જ્ઞેયનું યથાર્થ જ્ઞાન-સમ્યગ્જ્ઞાન કહી શકાય. જો તે પ્રત્યય ( Idea ) બાધક હોય, વ્યભિચારી હોય તો તે જ્ઞાન અયથાર્થ અથવા અપ્રમાણ કહેવાય. ધોળો પાઉડર જોઇ સાકરનું જ્ઞાન થાય અને પરીક્ષા કરતાં સાકરને બદલે મીઠું કે બોરીક પાઉડર નીકળે તો તે જ્ઞાનનો પ્રત્યય બાધક ઠરે, અને જ્ઞાન ભ્રામક નીકળે. આ રીતે જોતાં જૈનદર્શનની માન્યતા પ્રમાણે સંવાદકપ્રત્યયપ્રમાણજ્ઞાન-વાદની ( Correspondence theory of knowledge ) થીયરી પ્રમાણે જ્ઞાનની પ્રમાણતા નક્કી કરી શકાય છે.

**ज्ञानस्य प्रमेयाव्यभिचारित्वं प्रामाण्यम्** પ્રમેય—જ્ઞાનના વિષયને અવ્યભિ-ચારી—સંવાદકજ્ઞાન પ્રમાણજ્ઞાન છે. ( **प्रमाणनयतत्त्वालोक १-१९** ) જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરવા અવ્યભિચારિત્વ-અબાધકપ્રત્યયજ્ઞાનને એક પરીક્ષાના સૂત્ર ( Test or criterion ) તરીકે મૂકવામાં આવે છે. સંવાદક પ્રત્યયજ્ઞાનને પ્રમાણજ્ઞાનનો નિર્ણય કરવામાં મુખ્ય સાધન માનતાં તેમાં મોટો અનવસ્થાનો દોષ આવે છે. છેટેથી કુંડલું પડીને એક વસ્તુને જોતાં તે સર્પ છે એવું પ્રથમ જ્ઞાન થયું, વધારે બારીકીથી જોતાં સર્પ નથી પણ તે પદાર્થ દોરડું છે એવો નિર્ણય થયો. આ સર્પ નથી પણ દોરડું છે એવું અર્થયાથાત્મ્યનિશ્ચયજ્ઞાન શા ઉપરથી થયું ? અમુક પદાર્થ દોરડું છે અને સર્પ નથી એવું પ્રથમથી જ્ઞાન ન હોય તો આવું સંવાદકજ્ઞાન પાછળથી થવા સંભવ નથી, અને પ્રથમથી જ્ઞાન હોય તો પછી જ્ઞાનની યથાર્થતા નક્કી કરવાનું કાંઇ પ્રયોજન રહેતું નથી. બીજું પ્રથમથી એવું જ્ઞાન ન હોય તો જ્ઞાનની અને જ્ઞાનના વિષયની સરખામણી કેવી રીતે કરવી. અને સરખામણી કરવા જતાં બીજા જ્ઞાન અને વિષયનો આધાર લેવો પડે; એવી રીતે ઉત્તરોત્તર આધાર લેતા અનવસ્થાનો દોષ આવે. એટલે આ સંવાદકબાધક થીયરીમાં અનવસ્થાનો દોષ ઊભો રહે છે. એકાંત વાસ્તવવાદમાં જ્ઞાતા અને જ્ઞેય-જ્ઞાનના પ્રત્યય અને જ્ઞાનના વિષય વચ્ચે સંવાદતા-સમાનતા યથાર્થતા-તત્થતા ( Truth )નું મુખ્ય તત્ત્વ છે. જ્ઞાતા અને જ્ઞેય બંને એકબીજાથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્ર તત્ત્વો છે, જ્ઞાનમાં–છદ્મસ્થના જ્ઞાનમાં પદાર્થના બધા ધર્મો આવતા નથી, વસ્તુ અનંત ધર્માત્મક છે, તેમાંથી અમુક જ ધર્મો જ્ઞાનમાં આવે છે, વસ્તુનું સમગ્ર સ્વરૂપ જ્ઞાનમાં આવતું નથી, અર્થાત્ જૈનદર્શન પ્રમાણે વાસ્તવવાદની જ્ઞાનની થીયરી પ્રમાણે જે જ્ઞાન મળે છે તે આંશિક જ્ઞાન, સાપેક્ષિત જ્ઞાન નય જ્ઞાન જ હોય છે; પ્રમાણજ્ઞાન હોઇ શકતું નથી. કેવલીના જ્ઞાનનો અહીં વિચાર કરવામાં આવતો નથી.

સંવાદકપ્રત્યય જ્ઞાનની થીયરીમાં જ્ઞાનની એક પછી એક પરંપરાનો આશ્રય લેવો પડતો હોવાથી અનવસ્થાનો જે દોષ આવે છે, તેનો ખુલાસો શ્રી હેમચંદ્રાચાર્ય પ્રમાણમીમાંસામાં એવો કરે છે કે—બીજા સંવાદક જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃસિદ્ધ છે, તે સિદ્ધ કરવા ત્રીજા સંવાદક જ્ઞાનની જરૂર નથી. **तेषां च स्वतः प्रामाण्यनिश्चयात् न अनवस्थादिदौस्थ्यावकाशः** આ ખુલાસો જૈન-દર્શનની જ્ઞાનની થીયરીને અનુરૂપ છે, જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે, એક વખત જ્ઞાન નિશ્ચયાત્મક થયા પછી, તેને સિદ્ધ કરવા બીજા જ્ઞાનની જરૂર નથી. અનવસ્થાનો દોષ તો ઇંદ્રિય અને પદાર્થના સંનિકર્ષથી જ્ઞાન થાય છે એવી જે માન્યતા ન્યાય આદિ દર્શનોની છે તેને લાગે છે. જૈનદર્શન પ્રમાણે જ્ઞાન નવું ઉત્પન્ન થતું નથી, પણ જ્ઞાતામાં જ્ઞાન ભરેલું છે, કર્મથી જ્ઞાતા આવરિત છે, તે કર્મનો ક્ષયોપશમ થતાં જ્ઞાનનું પ્રાકટ્ય થાય છે, અમુક પદાર્થ સર્પ છે કે દોરડું છે તે જ્ઞાન તો આત્મામાં સત્તામાં રહેલું છે. અનુકૂળ સંજોગો મળતાં જ્ઞાનનું પ્રાકટ્ય થાય છે, એટલે જૈનદર્શન વાસ્તવવાદી–જ્ઞેયનું સ્વતંત્ર અસ્તિત્વ માનવાવાળું હોવા છતાં એકાંત વાસ્તવવાદ( absolute realism )ની જ્ઞાનની થીયરીમાં અનવસ્થાનો જે દોષ આવે છે તેવો દોષ તેમાં આવવા સંભવ નથી.

જૈનદર્શન એકાંત વાસ્તવવાદી નથી, એકાંત વાસ્તવવાદમાં જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે જે એકાંત ભેદ માનવામાં આવે છે, તેવો ભેદ જૈનદર્શનના તત્ત્વજ્ઞાનનો સમગ્ર વિચાર કરતાં જણાતો નથી. જીવ અને અજીવ વચ્ચે મુખ્ય ભેદ ચેતના અને જડતાનો છે. આ ભેદ સિવાય બંને તત્ત્વોમાં ઘણા ગુણો સામાન્ય–સાધારણ પણ જોવામાં આવે છે. જીવ અને અજીવ બંને સર્વસામાન્ય જાતિદ્રવ્યના વિશેષો છે. પરિણામભાવ બંનેમાં સામાન્ય છે. અગુરૂલઘુ જેવા પર્યાય બંનેમાં સામાન્ય છે. પૂર્વાત્ય વિદ્વાનો જૈન દર્શનને બહુત્વવાદી વાસ્તવવાદ ( Pluralistic Realism ) કહે છે. એટલે જૈનદર્શન અનેક તત્ત્વોનું સ્વતંત્ર અસ્તિત્વ માને છે, તેમ જ્ઞેયને પણ જ્ઞાતાથી ભિન્ન સ્વતંત્ર–વાસ્તવ માને છે. પૂર્વાત્ય વિદ્વાનોનું આ કથન પણ સ્યાદ્વાદ દૃષ્ટિએ જોવાનું છે, એકાંત દૃષ્ટિએ જોવાનું નથી. સ્યાદ્વાદ દૃષ્ટિએ જોતાં જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ એકાંત નથી, પણ કથંચિત્–સ્યાદ્ ભેદ છે. ન્યાયદર્શન જેવો એકાંત વાસ્તવવાદ જે જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે એકાંત ભેદ માને છે, બંને તત્ત્વો એક બીજાને સહેજ પણ સ્પર્શ ન કરે, સહેજ પણ સંબંધમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન આવે તેવા ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં રહેલા માને છે તેવો એકાંત ભેદ જૈનદર્શન માનતું નથી. એકાંતવાસ્તવવાદમાં મોટી મુશ્કેલી એ આવે છે કે જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે કાંઇ સામાન્ય ભૂમિકા ન હોવાથી જ્ઞાન વખતે બંનેનો સંબંધ કેવી રીતે થઇ શકે. સામાન્ય ભૂમિકાને અભાવે જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ અશક્ય છે. અને તેમ થવાથી એકાંત વાસ્તવવાદમાં જ્ઞાનની થીયરી તૂટી પડે છે. જૈનદર્શન જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે ભેદાભેદ માને છે, એટલે જૈનદર્શનને આ આપત્તિ નડતી નથી. ટૂંકામાં સંવાદક પ્રત્યય જ્ઞાનની થીયરી જૈનદર્શનના મૂળ સિદ્ધાંતોથી વિરુદ્ધ નથી.

હવે જ્ઞાનના પ્રામાણ્યનો નિર્ણય કરવાની બીજી થીયરી (pragmatic theory of the Validity of truth) કાર્યક્ષમતાવાદ–અર્થક્રિયાકારિત્વવાદનો વિચાર કરવાનો રહે છે. પ્રમાણનયતત્ત્વાલોકમાં આ થીયરીનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છેઃ—**अभिमतानभिमतवस्तुस्वीकारतिरस्कारक्षमं हि प्रमाणमतो ज्ञानमेवेदम्** (१–३) અભિમત વસ્તુ–ઇષ્ટ વસ્તુનો સ્વીકાર કરાવવામાં અને અનભિમત–અનિષ્ટ વસ્તુનો તિરસ્કાર કરાવવામાં જે જ્ઞાન સમર્થ હોય તે પ્રમાણજ્ઞાન છે. દાખલા તરીકે સાકરનો સ્વભાવ મીઠાશ આપવાનો છે. ધોળો પાઉડર પડયો હોય તે સાકર છે એવું જ્ઞાન કયારે યથાર્થ ઠરે કે જ્યારે તે પાઉડરને પાણીમાં કે મોઢામાં નાંખવાથી મીઠાશ આવે, મીઠાશ ન આવે અને બીજો ખારાશ કે કડવાશ જેવો સ્વાદ આવે તો તે સાકર નથી એવો નિર્ણય થાય અને વસ્તુ જોતાં પરીક્ષા કર્યા વિના સાકરનું જ્ઞાન થયું હોય તો તે બાધક જ્ઞાન હોઇ અયથાર્થ–અપ્રમાણ જ્ઞાન ઠરે. એટલે જૈનદર્શન પણ કાર્યક્ષમ જ્ઞાન–પ્રવૃતિ કરવાને યોગ્ય જ્ઞાનને પ્રમાણજ્ઞાન માનવાનો અભિપ્રાય બતાવે છે, પણ પૌર્વાત્ય કાર્યક્ષમતાવાદ pragmatic થીયરીથી જૈનદર્શનનો અભિપ્રાય એ રીતે જૂદો છે કે જ્યારે પૌર્વાત્ય મતવાળા જ્ઞાનનું પ્રામાણ્ય માનવામાં કાર્યક્ષમતા એક પૂર્વીય સરત માને છે ત્યારે જૈન દર્શન કાર્યક્ષમતાને એક પૂર્વીય સરત માનતું નથી. પણ પ્રામાણ્ય જ્ઞાનનો એક ગુણ માને છે, જ્ઞાનપ્રામાણ્ય હોય તો ધારેલો અર્થ પ્રવૃતિ કરવાથી સિદ્ધ થઇ શકે છે. પ્રમાણ જ્ઞાનથી હેય અને ઉપાદેય વસ્તુની સમજણ પડે છે, પણ કાર્યક્ષમતાની પરીક્ષા થયા પછી જ્ઞાનમાં બહારથી પ્રમાણતા આવે છે, તે પહેલાનું જ્ઞાન તો વસ્તુનું યથાર્થ જ્ઞાન નથી એવી પૌર્વાત્ય મતવાળાની માન્યતા જૈનદર્શનને સ્વીકાર્ય નથી. કાર્યક્ષમતાવાદની થીયરીમાં પણ સંવાદક બાધક જ્ઞાનવાદની થીયરીમાં જે અનવસ્થા આદિ દોષો આવે છે તે દોષો ઊભા જ રહે છે.

હવે જ્ઞાનપ્રામાણ્યવાદની ત્રીજી થીયરી Coherence of Truth નો વિચાર કરવાનો રહે છે. સમસ્ત વિશ્વરચના એક જ પરમતત્ત્વમાંથી બનેલ છે, તેના દેખાતા જૂદા જૂદા ભાગો એક જ પરમતત્ત્વના અંશો છે, એવી વિશિષ્ટાદ્વૈતવાદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામાનુજાચાર્ય જેવા વાદીની માન્યતા જૈનદર્શનને સ્વીકાર્ય નથી. એવી પ્રામાણ્ય નિશ્ચય કરવાની આ ત્રીજી થીયરી, વિશ્વરચનાને અનુકૂળ જ્ઞાનના પ્રમાણુતાની માન્યતા જૈન દર્શનને અનુરૂપ નથી. આખા વિશ્વની રચના એક જ તત્ત્વમાંથી થયેલી છે. વિશ્વના જૂદા જૂદા દેખાતા ભાગો એક જ તત્ત્વના અંશો છે, એક જ તત્ત્વમાંથી ઉદ્દભવે છે, અને એક જ તત્ત્વમાં વિલય પામે છે, અને તે તત્ત્વ વેદાંત પ્રમાણે ચૈતન્ય છે. આવી માન્યતા જૈન દર્શનની નથી. આ એક તત્ત્વવાદની વિચારણા સાથે સંસારની વ્યવસ્થાનો વિચાર કરીએ તો જૈનદર્શન પણ એમ તો માનતું નથી કે જગતની રચનામાં આવતા ભિન્નભિન્ન તત્ત્વો એક-બીજાથી તદ્દન સ્વતંત્ર છે, એક બીજા સાથે કાંઇ સંબંધ વિનાના છે, યથેચ્છ પ્રવૃત્તિ કરવાવાળા છે, અને આખી વિશ્વરચના કોઇ એક સનાતન નિયમને આધીન નથી. તત્ત્વાર્થ સૂત્રમાં અજીવો-ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ તથા જીવોનો પરસ્પર કેવો ઉપકાર છે, જીવોનો એક બીજા સાથે કેવો ઉપકાર છે તે ( ૫-૧૭-૧૮-૧૯-૨૦-૨૧ ) બતાવેલ છે. શ્રી ભગવતીસૂત્રમાં પણ અનાદિ લોકસ્થિતિમાં એક બીજા પદાર્થો એકબીજાને આશ્રીને કેવી રીતે રહ્યા છે, આકાશ વાતમાં પ્રતિષ્ઠિત છે વિગેરે વર્ણન આપી છેવટે કહ્યું છે કે—અજીવો જીવમાં પ્રતિષ્ઠિત છે, જીવ કર્મમાં પ્રતિષ્ઠિત છે, અજીવોને જીવોએ સંગૃહિત કરેલા છે, જીવોને કર્મે સંગૃહિત કરેલ છે. અર્થાત્ લોકમાં એવા સમસ્ત પદાર્થોને એક બીજાનો આધાર અને ઉપકાર છે. એટલે જૈનદર્શન વિશ્વરચનામાં જૂદા જૂદા સ્વતંત્ર દ્રવ્યો માને છે. તે સ્વતંત્ર દ્રવ્યો અંતિમ વખતે એક પદાર્થમાં લય પામતા નથી, એટલે તે રીતે જોતાં જૈનદર્શન અદ્વૈતવાદી નથી. પણ જૈનદર્શન એટલું તો માને છે કે વિશ્વરચનામાં ભળેલા જૂદા જૂદા તત્ત્વો એકાંત સ્વતંત્ર નથી. એક બીજાને સહાયક અને ઉપકારક છે. બધા એક સનાતન નિયમને આધીન છે. તે સનાતન નિયમ કર્મનો છે, માટે જ ભગવતીસૂત્રકાર કહે છે કે-અજીવોનો આધાર જીવો છે, અજીવોની વ્યવસ્થા જીવોને આશ્રીને છે, અને જીવો કર્મમાં પ્રતિષ્ઠાન પામેલા છે, અને જીવોની વ્યવસ્થા કર્મને આધીન છે. આ પ્રમાણે લોકમાં એવા જીવો અને અજીવોનો સંબંધ ન માનવામાં આવે, એક બીજાને એકાંત ભિન્ન માનવામાં આવે તો ધર્મધ્યાન, ધર્મના અનુષ્ઠાનો, મોક્ષ માટે પ્રવૃત્તિ, પુનર્ભવની માન્યતા વિગેરે સર્વે પરમ પુરુષાર્થ-મોક્ષ પ્રાપ્ત કરવાના સાધનો અને હેતુઓ નષ્ટ થઇ જાય, નિરર્થક થઇ જાય, અને સમાજ કે ધર્મવ્યવસ્થા જેવું કાંઈ રહે નહિં. કોઈપણ સનાતન ધર્મ આવી માન્યતા ધરાવી શકે નહિ.

ઉપર પ્રમાણે વિચાર કરતાં જ્ઞાનના નિર્ણય માટે જે વિશ્વરચનાઅનુરૂપ જ્ઞાનપ્રામાણ્યવાદ ( Coherence theory of the validity of Knowledge )ની થીયરી પ્રતિપાદન કરવામાં આવે છે તે જૈનદર્શનની માન્યતાથી અસંગત નથી. સ્યાદ્વાદ દૃષ્ટિએ જોતાં વિશ્વરચનાના તત્ત્વો એકાંત ભિન્ન નથી. એકાંત અભિન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીર જન્મકલ્યાણકની ઉજવણીનો એક પ્રકાર.

આજથી ૨૫૪૮ વર્ષ પૂર્વે છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીજીનો જન્મ થયો અને તેમને નિર્વાણ પામ્યા ૨૪૭૬ વર્ષ થયા.

× × ×

વર્તમાન શાસનના પ્રવર્તક એ પરમાત્માના જીવનની તવારિખ અતિ પ્રસિદ્ધ નથી તેમ અપ્રસિદ્ધ પણ નથી.

× × ×

બુદ્ધ અને ઈસુના જીવનપ્રસંગોની વધુ પડતી વ્યાપકતા જોઇને ઘણાને એમ થાય છે. શ્રી મહાવીરસ્વામીના જીવનપ્રસંગો પણ વ્યાપક બનવા જોઈએ.

× × ×

શ્રી મહાવીરચરિત્ર ઘર ઘર વંચાવુ જોઇએ, દેશ પરદેશમાં તેની પ્રસિદ્ધિ થવી જોઈએ, દરેક ભાષામાં તે લખાવું જોઈએ, તે લખાણની ભાષા મધુર ને સરલ હોવી જોઇએ-ઇત્યાદિ વિચારો ઠીકઠીક પ્રમાણમાં કરવામાં આવે છે.

× × ×

શ્રમણ સંસ્કૃતિના ઉપાસકો શ્રી મહાવીરસ્વામી ભગવાનના ચરિત્ર અંગે જેટલું કરે એટલું ઓછું છે પણ તેમાં એક ખ્યાલ જરૂર રહેવો જોઈએ અને તે એ કે-એ જીવનમાં શ્રમણ-સંસ્કૃતિનો તરવરાટ હોવો જોઇએ.

× × ×

જનતાના હૃદયમાં શ્રમણ સંસ્કૃતિ પ્રત્યે અનુરાગ જાગૃત કરવો એ શ્રી મહાવીર જીવનને વ્યાપક કરવાની પૂર્વ ભૂમિકા છે. જનતા પૂરવેગે ભૌતિકવાદ તરફ ઘસડાઇ રહી છે, એ વાસ્તવપણે દેખાતી હકીકત છે.

× × ×

ભૌતિકવાદના ઉપાસકોને આકર્ષવા માટે તેને અનુરૂપ-અધ્યાત્મવાદને જરી પણ ક્ષતિ ન પહોંચે એ રીતે લખાવું જોઇએ, નહિં કે એ જીવનને વિરૂપ બનાવીને.

× × ×

---

નથી, પણ ભિન્નાભિન્ન છે. એકાંત ભિન્નતા અને એકાંત અભિન્નતા એ નયવાદના વચનો છે. પ્રમાણવાદમાં તો ભિન્નાભિન્ન અર્થાત્ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે, માટે શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ જ્ઞાનબિંદુની પ્રામાણ્ય અપ્રામાણ્યવાદની ચર્ચામાં કહે છે કે—**वस्तुतोऽस्माकं सर्वापि विषयतो द्रव्यार्थतोऽखंडा पर्यायार्थतश्च सखंडा** અમારા દર્શન પ્રમાણે જ્ઞાનનો બધો વિષય (અર્થાત્ જ્ઞેય) દ્રવ્યાર્થ દૃષ્ટિએ અખંડ છે, પર્યાયાર્થ દૃષ્ટિએ સખંડ છે. (જ્ઞાનબિંદુ પા. ૧૪) (અપૂર્ણ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



- શ્રી મહાવીર જીવનો કેટલાક એવા લખાયા છે કે જે ચરિત્રો વ્યાપક બને તેમાં શ્રમણ સંસ્કૃતિ કે અધ્યાત્મવાદની જરી પણ સેવા નથી, ઊલટું આડકતરી રીતે ભૌતિકવાદની સેવા છે.

× × ×

- ભૌતિકવાદની ભાવના રંગાય એવા ચરિત્રોમાં વધારો થાય એથી શ્રી મહાવીરના અનુયાયીને જરા પણ ગૌરવ લેવા જેવું નથી.

× × ×

- એક આગમપ્રમાણ સિવાય શ્રી મહાવીરસ્વામીજી થયા હતા વગેરે સર્વ હકીકતો માટે બીજું કોઇ સાધન કે પ્રમાણ નથી. એ આગમની વિરુદ્ધ જઇ મનસ્વી કલ્પના રજૂ કરનારાઓને શું કહેવું ? અને એવા કોઇને પણ હાથે કાંઇ થાય એથી પણ શું ?

× × ×

- આગમધર અને આગમની શ્રદ્ધાવાળા આત્માઓને હાથે શ્રી મહાવીર ચરિત્રનો પ્રચાર થવો જોઇએ ને તે માટે બીજા સહુ કોઈએ સહકાર આપવો જોઈએ, એ એક જ વાસ્તવ માર્ગ છે.

× × ×

શ્રી વીર નિર્વાણ સં. ૨૪૭૬ અને વિ. સં. ૨૦૦૬ ના ચૈત્ર શુકલ ૧૨/૧૩ ને શુક્રવારે શ્રી મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી કરી શ્રી શ્રમણ સંસ્કૃતિના સાચા ઉપાસક બનવું જોઇએ અને આ વખતે બારસ તેરસ એકત્ર થયા છે એમ એકત્ર થઇને તિથિના આરાધકે તિથિના ઇતિહાસમાં એક ઉજ્જવળ પ્રકરણનો ઉમેરો કરવો જોઇએ.

जैनं जयति शासनम् ।

મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી

ஃ

જુગટાને તું દુર્ગુણ જાણ, ઘણા લોકની થઇ છે હાણ,
માણસને તે વળગે સહી, પછી તેહ તો જાય જ નહીં.
જુગટું તે તો દુર્ગુણ સહી, એમાં ફળ કાંઇ પણ નહીં,
જે જન એને વળગી રહ્યો, તેનો મનખો એળે ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–વાડીનાં કુસુમો.

## ઉકરડાનું ગુલાબ

લેખક-શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

### નિમિત્તવાસી આત્મા.

ભાઇ ! લગભગ સર્વ જિજ્ઞાસુ વર્ગ નગરીમાં પાછો વળી ઘર ભેગો થવા આવ્યો હશે; તો શું તમારે ઘેર નથી જવું ? એક બાજુ અટુલા સરખા, મૂંગામંતર બની કેમ ઉભા છો ?

મહારાજ ! હું ચંડાળકુલમાં જન્મેલ એક ક્ષુદ્ર જીવ છું. મારાથી ભદ્ર સમૂહના માનવ માફક છૂટથી વાત શે થાય ? વળી મારામાં નથી તો ઝાઝી સમજ કે નથી તો મારા બાપિકા ધંધા સિવાયનું બીજું કંઇ જ્ઞાન !

બાપ કસાઇ એનો હું દીકરો પણ કસાઇ. સવારથી સાંજ પર્યંત ચામડા ચુંથવાના–પ્રાણીઓની ચામડી ઉતરડવાની અને દુર્ગંધમય વાતાવરણમાં બેસી લોહીથી હાથ રંગવાના ! ચક્ષુ સામે ભજવાતા એ રોજના ઘૃણાજનક દૃશ્યથી અમારા અંતર સાચે જ બુઠ્ઠા થઇ ગયા છે ! પ્રાણીઓના આક્રંદથી કે જીવન માટે થતા ધમપછાડાથી હૃદયમાં નથી તો ઉદ્ભવતો એકાદો દયાનો અંકુર કે નથી તો એ બિચારા જીવોને થતાં દુઃખો સંબંધમાં ઉપજતી કંઇ કરુણા ! રોજના આ વ્યવસાયથી કુટુંબના સર્વ રંગાઇ રીઢા બની ગયા છે !

મહારાજ ! મને વિચારમાં તો એ વાતે નાંખી દીધો છે કે જે ઉપર વર્ણવ્યા કામમાં કાલ સુધી હોંસથી રચ્યોપચ્યો રહેતો હતો, અરે ' બાપ કરતા બેટા સવાઇ ' નિવડવાની આશા ધરતો હતો એટલું જ શા માટે ? ' પાંચ સો જીવોનો વધ કરનાર બાપ એની આંખો સામે જોશે કે એના આ બાળુડાએ અલ્પકાળમાં જ સાતસોનો વધ કરવાની કુશળતા હાથ કરી છે. ' એ તક મેળવવાના સોણલા સેવતો હતો એવો હું આજે હરણના એક નાનકડા અર્ભકને જોતાં જ ઠંડોગાર થઇ ગયો ! મારો આશાનો મહેલ ધરાશાયી થઇ ગયો. એના અંગ–વિદારણ ટાણે મારા હાથમાંથી છરી પડી ગઇ ! હું એકદમ ઉઠી બહાર આવી નજર કરું છું ત્યાં મહામંત્રી અભયકુમારને અને થોડી વાર પૂર્વે જે મહાત્મા અહીં ઉપદેશ દેતાં હતાં તેમને જોયા. મેં ઘણી વાર સંસારી જનસમૂહને સંતના ચરણમાં પડતો જોયો છે, પણ આશ્ચર્ય એ હતું કે પેલા સંત મહામાત્ય અભયનો જાણે ઉપગાર ન માનતા હોય એવી રીતે દેહનું સંચાલન કરતા હતા. તેઓ ઉપવનના માર્ગે આવી રહ્યા હતા–દૈનિક વ્યવસાયથી આજે મને જે ક્ષોભ જન્મ્યો હતો, તે શમાવવા કેવલ હું તેમની પાછળ અહીં સુધી કુતુહલ વૃત્તિથી ખેંચાઇ આવ્યો. સંતના જે થોડા ઘણા શબ્દો હું સાંભળવા અને સમજવા પામ્યો ત્યારથી મારા મનમાં કોઇ જુદું જ યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યાં એક જ નાદ ઉઠે છે કે–શા સારુ રોજ આ રીતે જીવવધ કર્યાં જવો ? એ સાથે જ પ્રશ્ન ખડો થાય છે કે—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધંધો નહીં કર તો ખાઈશ ક્યાંથી? કુટુંબીજનોનું શું થશે? આશા પ્રકટે છે કે–પેલા સંતનું કામ ઇશ્વરે કરી દીધું તો મારા જેવા, એમના જ નગરના એક રાંકને એ સ્હાય કરે તો..., ત્યાં તો આડી ભીંત ખડી થાય છે કે—

એમના સરખા મહાન્ અધિકારીને મારા જેવા એક પામરની વાત સાંભળવાની–વિચારવાની–ફુરસદ ક્યાંથી હોય? અરે મુલાકાત જ ન થાયને. ક્યાં એ અને ક્યાં હું?

શ્રમણ તેમજ તેમની સાથે ઉપર જોયું તેમ લંબાણથી પોતાનું સ્વરૂપ વર્ણવનાર કસાઇ કોણ હતો અને આ પ્રસંગ ક્યાં બન્યો એ તરફ ઊડતી નજર નાંખી વાર્તા–પ્રવાહમાં આગળ વધવાથી પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થાય છે.

મગધના પાટનગર રાજગૃહના ઉપવનમાં, ભગવંત મહાવીરદેવ કે જેઓશ્રી સપરિવાર વૈભારગિરિ પર સમોસર્યા હતા, તેઓની સમિપ જઇ રહેલા આર્દ્રકમુનિ થોભ્યા હતા. એ કાળનું રાજગૃહ એટલે આજના મુંબઈથી લગભગ ચારગણા વિસ્તારવાળું-વિવિધતાથી ભરેલું વેપાર–વાણિજ્યના મહાકેન્દ્ર સમું–વિપુલ સમૃદ્ધિથી ભરપૂર શહેર. એનો નાલંદા–વિહાર જગત્મશહૂર હતો. વિદ્યાધામની મહત્તાને લઇ ત્યાં દૂર દેશાવરોથી વિદ્યાર્થીઓ અધ્યયન અર્થે આવતા અને ષડ્દર્શનના અભ્યાસમાં એકતાર બનતા. મહાનગરની સમિપમાં જ થોડા થોડા અંતરાલે વનરાજીથી શોભતી અને પક્ષીગણના કલરવથી સદાયે ગુંજાયમાન રહેતી પાંચ રમણિય ટેકરીઓ આવી હતી. એ ઉપર શ્રમણો–સંતો–નિર્ગ્રંથોને થોભવા સારુ સગવડવાળા વિહારો હતા અને ધ્યાનસાધનમાં અગત્યનો ભાગ ભજવે તેવી નાની મોટી ગુફાઓ હતી. અમાપ શાંતિના ધામ સમી આ ડુંગરીઓ અનુક્રમે (૧) વિપુલગિરિ (૨) રત્નગિરિ (૩) ઉદયગિરિ (૪) સુવર્ણગિરિ (૫) વૈભારગિરિ નામથી ઓળખાતી. વિપુલગિરિ તથા વૈભારગિરિની તળાટીમાં ઠંડા તેમજ ગરમ પાણીના સંખ્યાબંધ કુંડો હતા. એ સ્નાન આદિ કાર્યમાં જનસમૂહને આશીર્વાદરૂપ હતાં એટલું જ નહિ પણ એમાંના જે ગરમ પાણીના હતાં, તે રોગનિવારણમાં પણ કામ આવતાં. જો કે આજે તો 'સાપ ગયા ને લીસોટા રહ્યા' જેવું દ્રશ્ય નજરે પડે છે, છતાં 'ભાંગ્યું તોયે ભરૂચ' એ જનવાયકા મુજબ નામ અને સ્થાન ગતકાલીન મહિમાની ઝાંખી કરાવતાં ખડાં છે. ઉપવનમાં થોભનાર આર્દ્રકમુનિને મંત્રીશ્વર અભયને ખાસ મળવું હતું તેથી જ તેઓએ પોતાના મુનિપરિવાર સહ સ્થિરતા કરી હતી અને મહાઅમાત્યને કહેણ મોકલ્યું હતું. ચરમ તીર્થપતિ જાતે વૈભારગિરિ પર વિરાજમાન હોવાથી ઉપવનમાં ભાગ્યે જ સાધુઓ રોકાતા. કદાચ થોભતા તો અલ્પ સમય માટે જ; બાકી દેશના તો વૈભારગિરિ પર જ થતી. મગધનો સ્વામી બિંબસાર ઉર્ફે શ્રેણિક સપરિવાર ત્યાં જ જતો. મંત્રીશ્વર અભય અને આર્દ્રકમુનિ વચ્ચે સ્નેહનો તંતુ તો લાંબા કાળથી સંધાયેલો પણ વિચિત્રતા એટલી જ કે ઉભય પરસ્પર મળ્યા નહોતા. અભયમંત્રીના નિમિત્તથી જ અનાર્ય–દેશોત્પન્ન આર્દ્રકકુમાર ધર્મમાર્ગે વળેલા અને આર્યાવર્તમાં આવી સ્વયં સાધુ બનેલા. કર્મ-વશાત્ મુનિપણું ત્યજી ગૃહસ્થી થઇ ગયા. સંસાર માણી જાણ્યો અને પ્રતિજ્ઞા પાલન કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને પુનઃ છોડી પણ દીધો. કુલીન કાન્તાઓ માટે શીલવ્રતની રક્ષાપૂર્વક ઘેર બેઠા ઉદ્યોગ કરવામાં રેંટીયો કેવું મહત્વ ધરાવે છે એનો સાક્ષાત્કાર કરી, શ્રમણ જીવનમાં સમતા કેળવવાથી કેવો લાભ થાય છે એનો અનુભવ કરી, પોતાના ઉપકારી મિત્રને મળવા તેમજ પોતાના જીવનની દિશા ફેરવવામાં મુખ્ય કારણરૂપ થવા બદલ આભાર વ્યકત કરવા તેમજ અંતિમ તીર્થપતિને વંદન કરવા તેઓ આવી રહ્યા હતા. માર્ગમાં હાથીના માંસ પર નિર્વાહ કરતાં બૌદ્ધ સાધુઓનો મેળાપ થયો. મુનિશ્રીને જોતાં જ હાથીની સાંકળ તૂટી ગઇ! એ તિર્યંચે સૂંઢ નમાવી મુનિશ્રીને વંદન કરી, બંધનમુકત થતાં વનનો માર્ગ લીધો. સાધુઓ આર્દ્રક મુનિના આ પ્રભાવથી અચંબો પામ્યા!

આર્દ્રકમુનિ તેઓની અજાયબી દૂર કરતાં બોલ્યા કે—જીવોને પૂર્વભવના સ્નેહ અને વેર ચાલુ ભવમાં ઉદય આવે છે. એ કારણે વ્યવહારદષ્ટિયે તદ્દન અજાણ્યા એવા જીવો પરસ્પર એ બેલડીના જોરે અનુકૂળ કિંવા પ્રતિકૂળ આચરણ કરતાં દ્રષ્ટિગોચર થાય છે. કર્મોની આવી કેટલીયે વિચિત્ર ગુંચણીઓ અહર્નિશ ગુંથાઇ રહી હોય છે. જ્ઞાનવડે જ એનો તાગ પમાય છે. તેથી જ 'કર્મોની ગતિ વિચિત્ર કહેવાય છે.'

તમો ધર્મનો સ્વાંગ ધારણ કર્યા છતાં કેવળ ઉદરપોષણાર્થે પંચેંદ્રિય એવા હાથીની હિંસામાં દોષ જોઇ શકતા નથી એ ઉઘાડી અજ્ઞાનતા છે. સાથેસાથ પવિત્ર જીવનને લજવનારી વસ્તુ છે, એ પાછળ જાત–જાતના આરંભ–સમારંભને જન્મ મળે છે. અહિંસા જ ધર્મનો પાયો છે. એનું સ્વરૂપ એવું તો સુંદર રીતે રજૂ કર્યું કે એ સર્વ બોધ પામી તેઓશ્રીના શિષ્ય થયા.

ઉપવનમાં આવી, એક તરફ મંત્રીશ્વરને કહેણ મોકલ્યું અને પોતે સ્થંડિલ માટે બહાર ગયા. પૂર્વે જોયું તેમ પાછા ફરતાં માર્ગે જ મંત્રીશ્વરનો અને તેઓશ્રીનો ભેટો થયો.

વાર્તાલાપ કરતાં અભય મંત્રીએ પ્રશ્ન કર્યો કે—

તાપસ આશ્રમના પેલા હાથીનું શૃંખલાબંધન આપને જોતાં જ કેમ તૂટી ગયું? આપશ્રીની એ લબ્ધિ ખરેખર પ્રશંસાપાત્ર લેખાય.

મંત્રીશ્વર! એ બનાવમાં ખાસ લબ્ધિ જેવું કંઇ જ નથી. જીવમાં જ્યારે સ્નેહનો ઉભરો ચઢે છે ત્યારે કોઇ અલૌકિક વીર્ય પેદા થાય છે અને એના જોરે કલ્પનામાં ન ઉતરે તેવા કાર્યો એ વેળા પેલો જીવ કરી નાંખે છે. જેવો સ્નેહનો ઉભરો તેવો જ વૈર લેવાનો ઇરાદો પણ એ જાતનું બળ જન્માવે છે. આ પ્રકારની શકિતથી પ્રેરાયેલો જીવ સારા–માઠા આચરણ કરી નાંખે છે. હાથીની બેડી તોડવામાં તો આ આર્દ્રકને કંઇ જ વીર્ય દાખવવું પડયું નથી, પણ સુતરના તાંતણામાંથી મુકિત મેળવતાં તો નવના તેર થયાં છે. અરે વર્ણવી ન શકાય એવો પરસેવો ઉતર્યો છે. કારમાં છે લોહીના સ્નેહબંધન.

પૂજ્ય શ્રમણ! આપની એ અનુભવ–કહાણી જરૂર સંભળાવો, આજે ભલે આ ઉપવનમાં દેશના સાંભળશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક તરફ અભય મંત્રીએ અનુચરદ્વારા ટેલ પડાવી અને જોતજોતામાં શ્રોતાઓનો સમૂહ એકત્ર થયો. બીજી બાજુ આર્દ્રકમુનિ પણ ઇર્યાવહી આદિ આવશ્યક ક્રિયાથી પરવારી આસન પર બિરાજ્યા.

સ્વજીવન વર્ણવતાં પોતાને કેવી રીતે સંસારમાં પડવું પડયું અને એમાંથી છૂટવા ટાણે નાના બાલુડાએ રેંટીયે કંતાયેલા સુતરના તાર વીંટી પણ બંધન કર્યું અને એ નિમિત્તે સંસારમાં વધુ રોકાણ કરવું પડયું ઇત્યાદિ હેવાલ એવી તો રોચક શૈલીએ વર્ણવ્યો કે પર્ષદામાં રસની હેલી ઉભરાઇ રહી. જિનશાસનની જયપૂર્વક સૌ વીખરાયા. મંત્રીશ્વર મુનિશ્રી સાથે વાર્તાલાપ કરતાં નિવાસસ્થાનના કમરા તરફ વળ્યા.

થોડા સાધુઓ નગરમાં ગોચરી અર્થે સિધાવ્યા. બીજા કેટલાક પઠન-પાઠનમાં કિંવા આવશ્યક ક્રિયામાં રોકાયા. એમાંના એક સાધુ જે પર્ષદાસ્થળ આગળથી સ્થાપનાજી લઇ પાછા ફરવાની તૈયારીમાં હતા, તેમની નજરે પેલો ઉપવનના એક ખૂણે અટુલો ઉભેલો યુવક પડયો. ઉભય વચ્ચે જે વાત થઇ એ આપણે શરૂઆતમાં જોઇ ગયા.

મુનિશ્રીએ યુવકની કથની સાંભળી થોડી પળો વિચારવાનું વ્યતીત કરી જાણે કંઇ તાળો મેળવતા હોય એ રીતે પ્રશ્ન કર્યો-ભાઇ, આ નગરીમાં રોજ પાંચસો પાડાનો વધ કરનાર કાલસૌકરિક નામા કસાઇ છે, તેનો જ છોકરો કે ?

હા, મહારાજ ! પાડાના વધથી ખ્યાતિને વરેલા બાપનો હું એક માત્ર બેટો. મારું નામ સુલસ.

અરે નામ તો સુંદર છે જ્યારે કામ તો બૂરું છે.

પૂજ્ય ! 'પેટ કરાવે વેઠ, પેટ પરદેશ લઈ જાવે' એ વાત આપ સરખા સુજ્ઞથી અજાણી ન જ હોય. આપના ગુરુજીની વાણી સાંભળી મને મારા બાપિકા ધંધામાંથી હાથ ધોઇ નાંખવાનો પાકો વિચાર થયો છે. ફક્ત તમો કૃપા કરી મંત્રીશ્વર અભયનો મેળાપ એક વાર કરાવી આપી કોઈ જુદો ધંધો અપાવવા ભલામણ કરો તો બાપજી હું આપનો જન્મભર ઋણી રહીશ.

સુલસની વાત સાંભળી સાધુજી ઘડીભર મૌન રહ્યા. ગુરુજીનું જીવન યાદ આવ્યું એમાં ઉચ્ચરાયેલા શબ્દો કર્ણરંધ્રમાં રમી રહ્યા-"પૂર્વના પુન્ય હોય તો જ અભયમંત્રીની મૈત્રી કરવાના-અરે એ પવિત્ર આત્માનો મેળાપ કરવાના વિચાર આવે છે."

એ પરથી જ સાધુજીએ સુલસનું ભાવિ કલ્પી લીધું, સ્વધર્મ બજાવ્યો અને પાછા ફરી રહેલા મંત્રીશ્વર સાથે સુલસની ઓળખાણ કરાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન કાવ્ય સાહિત્ય.

લેખિકા—મૃદુલા છોટાલાલ કોઠારી.

ગુજરાતી કવિતા સાહિત્યમાં જૈનોનો ફાળો નોંધપાત્ર છે. પ્રાચીન જૈન મહાત્માઓએ રચેલા સ્તવનો કે પૂજાની ઢાળો એના પ્રતીક છે. જૈન તત્ત્વજ્ઞાનના નવનીતરૂપ એ ભક્તિ કાવ્યો ખૂબ અલંકૃત ભાષામાં નથી લખાયા, પરંતુ સાદી, સરળ જૈન સમાજનું નાનું બાળક પણ સમજી શકે તેવી, છતાંય સચોટ ભાષામાં લખાયાં છે. જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસની ઇચ્છા ધરાવનાર કદાચ બહુશ્રુત ન હોય તોય ફક્ત આ સ્તવનો, પૂજાની ઢાળો કે સ્તુતિઓનું ચિંતનશીલ વાંચન જ તેને જૈન તત્ત્વનો સાર સમજાવી શકે તેમ છે. પછી એ સમજવા માટે તેને શાસ્ત્રોની ભાંજગડમાં ઊતરવું પડે તેમ નથી.

આમ તો આવા કાવ્યોની રચના ઘણા જૈન મહાત્માઓએ કરી છે, પરંતુ તેમાં મુખ્યત્વે શ્રી આનંદઘનજી, શ્રીમદ્ યશોવિજયજી, શ્રી જ્ઞાનવિમલસૂરિ, શ્રી દેવચંદ્રજી, શ્રી વીરવિજયજી, શ્રી મોહનવિજયજી ઇત્યાદિને ગણી શકાય. આ સિવાય બીજા પણ ઘણા મહાત્માઓએ સુંદર કાવ્યરચનાઓથી જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

જૈન કવિતા સાહિત્યના મુખ્યત્વે ત્રણ વિભાગ પડી શકે:-(૧) સ્તવનો (૨) સજ્ઝાયો (૩) પૂજાની ઢાળો. સ્તવનો એટલે તીર્થંકરોને ઉદ્દેશીને રચાયેલા ભક્તિગીતો. તેમાં પ્રભુના ગુણોનું વર્ણન અથવા તો તેમના જીવન અને જીવનનો તાદૃશ ચિતાર તથા તેમની અપેક્ષાએ પોતાનો આત્મા કેટલી નીચી કક્ષાનો છે એ પ્રકારનો આત્માનંદ હોય છે. સ્તવનોમાં જિનેશ્વરના ચૈત્યવંદનો કે સ્તુતિઓનો સમાવેશ થઈ જાય છે.

સજ્ઝાય એટલે ધર્મની દૃષ્ટિએ જૈન સમાજમાં ઊંચું સ્થાન ભોગવતી કોઇપણ પ્રાચીન વ્યક્તિના જીવનના કોઇ જ્વલંત પ્રસંગને આલેખતું ખંડકાવ્ય. પછી તે પાત્ર તીર્થંકર હોય કે કોઇ સામાન્ય સાધુ હોય, શ્રાવક હોય કે શ્રાવિકા હોય. વધુ સ્પષ્ટતાપૂર્વક કહીએ તો જૈન સમાજના પુણ્યશ્લોક આત્માઓના સ્મરણમાં લખાએલી પ્રશસ્તિઓ એટલે સજ્ઝાય. કેટલીક વાર સજ્ઝાયોમાં સત્ય વગેરે આત્મિક સદ્ગુણો કે ક્રોધાદિક દુર્ગુણોનું વર્ણન પણ આવે છે.

પૂજાની ઢાળો એ સ્તવનો જેવી જ પરંતુ તત્ત્વજ્ઞાનથી ભરપૂર રચનાઓ છે.

હવે થોડાંક ઉદાહરણો જોઇએ.

**બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેષે,**
**આજ તમે પામ્યા પ્રભુતાને, અમે તો સંસારીન વેષે**
**હો પ્રભુજી ઓલંભડે મત ખીજો.**

ભક્તને એના આરાધ્ય દેવ પર ફાવે તે આક્ષેપો કરવાની છૂટ હોઇ શકે અને એટલે જ કવિ લખે છે કે " આપણે બંને સંસારનું પરિભ્રમણ કરતા કરતા અનંતીવાર સાથે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાય સુખદુઃખના દિવસો વિતાવ્યા હશે, પરંતુ ભાગ્યના યોગે આજે તમે પ્રભુતાને પામ્યા ત્યારે મને તમારા જૂના સ્નેહીને વિસારીને કેમ એકલા એકલા આત્મકલ્યાણ સાધી લીધું ?" ભક્ત તરીકેનો પોતાનો અધિકાર બજાવીને, આક્ષેપ કરીને, પ્રભુની ભક્તવત્સલતાને ચકાસતા હોય એવું નથી લાગતું ?

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા જીવંત તીર્થંકર શ્રી સીમંધરસ્વામિના સ્તવનમાં શ્રી જ્ઞાનવિમલસૂરિ વિનવે છેઃ—

**સાહિબ તુમ પાસે દેવ ઘણા વસે, એક મોકલજો મહારાજ,**
**સાહિબ મુખનો સંદેશો સાંભળું, તો સ્હેજે સરે મુજ કાજ,**
**એક વાર મળોને મોરા સાહિબા.**

પરમ તત્ત્વના મિલનની ઝંખનાથી આ કોડ ભરપૂર છે. પ્રિયજનના સુદીર્ઘ વિરહથી ધીરજનો અંત આવે ત્યારે જે વ્યથાથી, જે વ્યાકુળતાથી હૃદય ભરાઇ આવે એ સંવેદન આ પંક્તિઓમાં તરવરે છે. પ્રત્યક્ષ દર્શન તો થઇ શકે એમ નથી એટલે સંદેશારૂપ પરોક્ષ દર્શનની ઉત્કટ ઝંખના સેવે છે. આગળ વધીને કહે છે.

**"સાહિબ હું તુમ પગની મોજડી, સાહિબ હું તુમ દાસાનુદાસ,**
**સાહિબ જ્ઞાનવિમલસૂરિ એમ ભણે, મને રાખો તમારી રે પાસ;**
**એક વાર મળોને મોરા સાહિબા,**

"ખુશામત તો ખુદાને પણ પ્યારી" એ કથન અનુસાર પહેલી બે લીટીમાં પોતાની જાતને દાસાનુદાસ અને ચરણોમાં મોજડીરૂપ ઓળખાવીને પછી ધીમેથી પેટમાં પેસીને પગ પહોળા કરે તેમ, ખુશામત કરીને પછી છેલ્લી પંક્તિઓમાં કહે છે કે–મને તમારી પાસે મોક્ષમાં સ્થાન અપાવો. જૈન કવિઓની એક નજરે ચઢે એવી ખાસિયત અહીં જણાય છે. લગભગ ઘણું કરી દરેક કાવ્યોની છેલ્લી પંક્તિઓમાં કવિ કોઇ વાર પોતાનું નામ અથવા તો ગુરુનું નામ કે સંવત જણાવે છે. તેથી બીજે કેટલેક ઠેકાણે બને છે તેમ જૈન સાહિત્યમાં એકના કાવ્યો બીજાના નામે ચડવાના બહુ ઓછા દાખલાઓ છે.

શ્રી આનંદઘનજી એક સ્તવનમાં લખે છે.

**ઋષભજિનેશ્વર પ્રીતમ મારો રે, ઓર ન ચાહું રે કંથ,**
**રિઝીયો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત.**

દુન્યવી, સ્વાર્થપરાયણ પતિ કરતાં ઇશ્વરને જ પ્રિયતમ તરીકે માનીને તેની સાથે અનંતકાળ સુધી શિવ–સુખ ભોગવવાની ઇચ્છા વ્યક્ત કરે છે. અત્યુચ્ચ પ્રકારની આધ્યાત્મિક વૃત્તિઓની રજુઆત કરતું આ સ્તવન છે.

ગૌતમસ્વામિ ભગવાન મહાવીરના પટ્ટધર હતા, તેથી ય વિશેષ પ્રભુના ચરણોમાં સર્વસ્વ ન્યોછાવર કરનાર અનન્ય ભક્ત હતા. ભગવાનના નિર્વાણથી તેમનું ભક્ત હૃદય દ્રવી ઊઠયું. એ વ્યથા એક જૈન કવિએ સ્તવનમાં ઊતારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિઓથી વિભૂષિત.

# પાઈય કૃતિઓ.

( લેખક:—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. )

**અદ્ધમાગહી આગમો**—ઉત્તર હિંદની પ્રાચીન સમયની ભાષાઓના બે વર્ગ પડાય છે. ( ૧ ) સંસ્કૃત અને ( ૨ ) પાઇય ( પ્રાકૃત ). પાઇય ભાષાઓ તરીકે પાલિ, અદ્ધમાગહી ( અર્ધમાગધી ), મરહટ્ટી ( માહારાષ્ટ્રી ), સોરસેણી ( શૌરસેના ), અવહટ્ટ ( અપભ્રંશ ) ઇત્યાદિ ગણાવાય છે. પાલિમાં બૌદ્ધોનું અને અદ્ધમાગહી વગેરેમાં મુખ્યતયા જૈનોનું સાહિત્ય રચાયેલું મળે છે. શ્વેતાંબરો અને દિગંબરો પણ એ વાત તો માને છે કે જૈન શાસ્ત્રોની–મૂળભૂત આગમોની રચના અદ્ધમાગહીમાં થઇ હતી. આજે જે અદ્ધમાગહી સાહિત્ય ઉપલબ્ધ છે તે બનાવટી છે એમ કેટલાક દિગંબરોનું કહેવું છે. આ સંબંધમાં **કન્નડ પ્રાન્તીય તાડપત્રીય ગ્રન્થસૂચીની** પ્રસ્તાવના ( પૃ. ૧૧ ) માં બે બાબત કહી છે.

( ૧ ) પાટલિપુત્રના સંઘે જે અગિયાર અંગો સંકલિત કર્યાં એને અપૂર્ણ અને વિકૃત માની દક્ષિણ પ્રવાસી મુનિસંઘે એવો સ્વીકાર કર્યો નહિ તેમજ સ્વયં એ ગ્રંથોની

---

**" શિવનગર થયું સાંકડું કે હતી નહિ મુજ યોગ્યતા,**
**એક શું મુજ હોત તો પ્રભુ, કોણ કોઇને રોકતા?**
**મુનિ ચૌદ સહસ તારે, પણ વીર મારે એક છે,**
**મૂકી ગયા રડતો અહીં પ્રભુ, કયાં તમારે ટેક છે?**

પરાકાષ્ઠાએ પહોંચેલા સ્નેહમાં અણધારી નિષ્ફળતા સાંપડે ત્યારે જે નિરાશા ઉદ્દભવે એનું સૂચન આ પંક્તિઓમાં છે.

આવા તો કેટલાય સ્તવનો અને કેટલીય ઢાળોથી જૈન સાહિત્ય સમૃદ્ધ છે. " સ્વપ્નની સુખલડી ભૂખ ન ભાંગે. " એ અનુસાર ઉદાહરણોદ્વારા એ રસાસ્વાદ કરાવવો કઠિન છે. તે માટે તો સ્વયં યત્ન કરવો જોઇએ, પરંતુ પ્રકાશનાં થોડાં કિરણોથી પણ સૂર્યના અતુલ તેજની ઝાંખી થઇ જાય છે તે માટે સૂર્યને લાવવાની જરૂર નથી. એ જ રીતે પ્રસ્તુતમાં વર્ણવેલા થોડાં ઉદાહરણો પણ ગુજરાતી જૈન કવિતા સાહિત્યના પ્રભાવની ઝાંખી કરાવવાને સમર્થ થઇ શકશે.

આ ઉપરથી એમ નથી જણાતું કે આટલો વિસ્તૃત અને સમૃદ્ધ ફાળો ગુજરાતી કવિતા સાહિત્યમાં જૈનોનો હોવા છતાં ય તેના પ્રત્યે અર્વાચીન સાહિત્યકારો અને વિવેચકો ઉપેક્ષા કેળવી રહ્યા છે? જો નરસિંહ, શામળ, મીરાંબાઇ કે અખાના કાવ્યોની ગુજરાતી સાહિત્યમાં ગણના થઇ શકે તો જૈન ભક્ત–કાવ્યોને કેમ અવગણી શકાય? ખૂણે ખાંચરેથી સંશોધન કરીને વિવેચન કરતા વિવેચકોની દૃષ્ટિએ આ સાહિત્ય કેમ ન ચઢયું એ બુદ્ધિમાં ઊતરતું નથી. " વાસિદામાં સાંબેલાં જાય " એ ઉક્તિ યથાર્થ લાગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકલના માટે પ્રયાસ કર્યો નહિ. એનું પરિણામ એ આવ્યું કે આ સંઘ સદાને માટે અંગોથી વંચિત બન્યો.

( ૨ ) કેટલાક વિદ્વાનોનું કહેવું છે કે ' અચેલ ' ઇત્યાદિ શબ્દના અર્થમાં ફેરફાર જોઇ દક્ષિણના મુનિસંઘે અંગોનો સ્વીકાર કરવા ના પાડી. જો આ વાત સાચી હોય તો માનવું પડશે કે મુનિસંઘે મોટી ભૂલ કરી. એ રહ્યુંસહ્યું સાહિત્ય છોડી દેવાને બદલે મૂલ સિદ્ધાન્તને અનુકૂળ વ્યાખ્યા કરી શકત. વેદોની અનેક ટીકાઓ છે અને તેમાં પુષ્કળ મતભેદો છે, [1]છતાં મૌલિક અર્થને માનનારી હિન્દુ જાતિએ મતભેદથી ગભરાઇ જઇ વેદનો ત્યાગ કર્યો નથી.

**અજૈનોની પાઇય રચના**—**રાવણવહ ( સેઉબંધ )**, ગઉડવહ ઇત્યાદિ મનોરમ કાવ્યો અજૈનોને હાથે મરહઠ્ઠીમાં રચાયાં છે. વળી રાજશેખર જેવા અજૈન કવિએ પાઇય ભાષાનાં ભારોભાર વખાણ કર્યાં છે એટલે પાઇય સાહિત્યને જૈન જ સાહિત્ય માની લેવું તે ભૂલ છે, બાકી એ વાત સાચી છે કે ઉપલબ્ધ સાહિત્ય જોતાં જૈનોનો ફાળો અજૈનોના કરતાં ઘણો વધારે છે. વળી આજે પણ કોઇ કોઇ જૈન મહાશય પાઇયમાં રચના કરતા જોવાય છે તેમ કોઇ અજૈન કરતા હોય એમ જણાતું નથી.

શ્વેતાંબરોએ મહરટ્ઠીમાં કૃતિઓ રચી છે તો દિગંબરોએ સોરસેણીમાં રચી છે. વળી " અપભ્રંશ " માં દિગંબરોની રચના અધિક હોય એમ અત્યારે તો લાગે છે. સમગ્ર ' અપભ્રંશ ' સાહિત્ય પ્રસિદ્ધ થયે અંતિમ નિર્ણય થઇ શકે.

માગહી, પેસાઇ અને ચૂલિયાપેસાઇમાં આજે કોઇ સ્વતંત્ર અને સંપૂર્ણ કૃતિ મળતી નથી. એટલે મેં પ્રારંભમાં એનો નિર્દેશ ન કરતાં ઇત્યાદિથી એ ભાષાઓનું સૂચન કર્યું છે.

ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષાઓ " અપભ્રંશ "ની પુત્રીઓ હોવાથી પાઇયના ત્રીજા થરની ભાષાઓ હોવાથી એને હું અહીં ' પાઇય ' તરીકે ગણતો નથી.

**સ્વોપજ્ઞ એટલે શું ?**—**અભિધાનચિન્તામણિ** ( કાંડ ૬, શ્લોક ૯ ) માં કહ્યું છે કે " **उपज्ञा ज्ञानमाद्यं स्यात्** " અર્થાત્ ઉપજ્ઞા એટલે આદ્ય જ્ઞાન કોઇ પાસેથી નહિ લીધેલું એવું જ્ઞાન તે ' ઉપજ્ઞા ' છે. મૂળ અને વિવરણ એ બંનેના કર્તા એક જ હોય ત્યારે ' સ્વોપજ્ઞ ' શબ્દના પ્રયોગ માટે અવકાશ રહે છે. વિવરણકારે મૂળ કૃતિને ' સ્વોપજ્ઞ ' તરીકે વિવરણ કરતાં ઓળખાવી શકે છે. જ્યારે વિવરણકારથી ભિન્ન અન્ય વ્યકિત એ વિવરણને મૂલ કૃતિના સ્વોપજ્ઞ વિવરણ તરીકે ઓળખાવી શકે છે. દા. ત. **તત્ત્વાર્થ સૂત્ર** અને એનું ભાષ્ય એ બંનેની રચના વાચકવર્ય ઉમાસ્વાતિએ કરી છે. એટલે એઓ ભાષ્ય રચતાં હું સ્વોપજ્ઞ **તત્ત્વાર્થસૂત્ર**નું ભાષ્ય રચું છું એમ કહી શકે. આ મૂલ કૃતિ અને એના ભાષ્ય ઉપર ટીકા રચનાર સિદ્ધસેનગણિ અને હરિભદ્રસૂરિ આ ભાષ્યને સ્વો-

૧ **નૈષધચરિત** ઉપર ધોળકાના તેરમી સદીના ચાંડૂ પંડિતની ટીકા છે. એમાં કેટલાક વૈદિક મંત્રોના અર્થ અપાયા છે તે ચૌદમી સદીના સાયણાચાર્યે ઋગ્વેદના ભાષ્યમાં કરેલા અર્થથી ભિન્ન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પજ્ઞ ભાષ્ય એમ નિર્દેશી શકે. આમ 'સ્વોપજ્ઞ' શબ્દ મૂલ તેમજ વિવરણ એ બંનેને અંગે વપરાય, પણ પ્રથમ પ્રયોગ કર્તા જ કરી શકે, જ્યારે બીજો પ્રયોગ ઇતર વ્યક્તિ કરી શકે. આ નિયમને અનુસરીને મેં સ્વોપજ્ઞ વૃત્તિઓ એમ કહ્યું છે.

**સ્વોપજ્ઞ કૃતિઓ**—કપ્પ વગેરે છેયસુત્ત રચનારા ચતુર્દશ પૂર્વધર ભદ્રબાહુસ્વામીએ પોતાની આ કૃતિઓ ઉપર પાઇયમાં વૃત્તિ રચી છે. એવી રીતે વાચકવર્ય ઉમાસ્વાતિએ સર્વ પર્ષદાઓ માટે રચેલા દર્શન-ગ્રન્થરૂપ તત્ત્વાર્થસૂત્ર નામના સૂત્રબદ્ધ ગ્રન્થ ઉપર વિદ્વત્તાપૂર્ણ ભાષ્ય રચ્યું છે. આમ જે ભાષામાં મૂળ હોય તે જ ભાષામાં કર્તાએ જાતે વૃત્તિ રચી હોય એવાં આ બે ઉદાહરણો—એક પાઇયને અંગે અને બીજું સંસ્કૃતને અંગે રજૂ કરી હવે હું પાઇય કૃતિ ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચનારનો ઉલ્લેખ કરું તે પૂર્વે આમ બે ભાષા રાખવાની વૃત્તિ શાને આભારી છે તે મારે કહેવું જોઇએ, પણ એ બાબત મેં ઉપદેશરત્નાકર( ઉવએસરયણાયર )ની મારી ભૂમિકા( પૃ. ૪૯-૫૨ )માં વિચારી હોવાથી એ હું અહીં જતી કરું છું.

**દિશાસૂચન**—જે જે પાઇય કૃતિઓ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ સંસ્કૃતમાં રચાઇ છે તે તમામ કૃતિનાં નામ તો અત્યારે આપી શકું તેમ નથી એટલે થોડાંક નામ અકારાદિ ક્રમે આપું છું અને સાથેસાથે એના કર્તાના નામ અને રચનાસમય વિષે પણ નિર્દેશ કરું છું જેથી કોઇ મહત્ત્વની કૃતિ ગણાવવી રહી જતી હોય તો ઝટ ખ્યાલમાં આવે.

| કૃતિ | કર્તા | વિક્રમ વર્ષ |
|---|---|---|
| અજ્ઝપ્પમયપરિક્ખા | યશોવિજયગણિ | ૧૮ મી સદી |
| ઉપ્પાયાર્થસિદ્ધિપયરણ | ચન્દ્રસેન | ૧૨૦૭ |
| ઉવએસમાલા | હેમચન્દ્રસૂરિ ( મલધારી ) | ૧૧૭૦ પૂર્વે |
| [1]ઉવએસરયણાયર | મુનિસુન્દરસૂરિ | ૧૪૭૬ પૂર્વે |
| કમ્મવિવાગાદિ પાંચ નવ્ય કર્મગ્રંથ | દેવેન્દ્રસૂરિ | ૧૪ મી સદી |
| ગુરુગુણછત્તીસી છત્તીસિયાકુલય | રત્નશેખરસૂરિ | ૧૫ મી સદી |
| ગુરુપરિવાડી | ધર્મસાગરગણિ | ૧૭ મી સદી |
| જીવાણુસાસણ | દેવસૂરિ | ૧૧૬૨ |
| [2]નવપયપયરણ | જિનચન્દ્રગણિ ( દેવગુપ્તસૂરિ ) | ૧૦૭૩ |
| ભવભાવણા | હેમચન્દ્રસૂરિ | ૧૧૭૦ |
| વાણારસીમયભેય | મેઘવિજયગણિ | ૧૮ મી સદી |
| સડ્ઢદિણકિચ્ચ | દેવેન્દ્રસૂરિ | ૧૪ મી સદી |
| [3]સડ્ઢવિહિ | રત્નશેખરસૂરિ | ૧૫૦૬ |
| સાવયપણ્ણત્તિ | [4]હરિભદ્રસૂરિ | ૭૫૭-૮૨૭ |

૧ આમાંનો કેટલોક ભાગ સંસ્કૃતમાં છે. ૨ આની વૃત્તિનું નામ **શ્રાવકાનન્દ** છે. ૩ આ વૃત્તિનું નામ **વિધિકૌમુદી** છે. ૪ કેટલાકની માન્યતા મુજબ એમનો સ્વર્ગવાસ વિ. સં. ૫૮૫માં થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ સેવાની પ્રથમ ભૂમિકા

લેખક—ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા M. B. B. S.

(ગત વર્ષના આસોના અંક પૃષ્ઠ ૩૧૬ થી શરૂ)

પણ સૂક્ષ્મભેદની અપેક્ષાએ જો બારીકીથી જોઇએ, તો તેના વિશેષ ભેદ ઘણા ઘણા છે, અનંત છે, કે જેનો કહેતાં પાર ન આવે; કારણ કે **મિત્રાથી** માંડી **પરા** દષ્ટિ સુધી કર્મના ક્ષયોપશમ આદિ પ્રમાણે, દર્શનના પ્રકાર અનંત છે. ષટ્સ્થાન–પતિત ષડ્ગુણવૃદ્ધિનો નિયમ અહીં લાગુ પડે છે. જેમકે-(૧) અનંત ભાગવૃદ્ધિ, (૨) અસંખ્યાત ભાગવૃદ્ધિ, (૩) સંખ્યાત ભાગવૃદ્ધિ, (૪) સંખ્યાત ગુણવૃદ્ધિ, (૫) અસંખ્યાત ગુણવૃદ્ધિ, (૬) અનંત ગુણવૃદ્ધિ. આમ **મિત્રાના** કનિષ્ઠમાં કનિષ્ઠ પ્રકારમાં ઓછામાં ઓછું (minimum) એક અંશ (Unit) દર્શન માનીએ, તો પછી તેમાં આ નિયમ પ્રમાણે વૃદ્ધિના અનંત સંયોગો (Permutations & Combinations) થતાં, અનંત ભેદ થાય. આમ યોગના સ્થાન પણ અસંખ્ય છે.

**"અલ્પવીર્ય ક્ષયોપશમ અછે, અવિભાગ વર્ગણારૂપ રે;**
**ષડ્ ગુણ એમ અસંખ્યથી, થાયે યોગસ્થાન સ્વરૂપ રે.**
**...મન મોહ્યું અમારું પ્રભુ ગુણે.**
**સુહૂમ નિગોદી જીવથી, જાવ વર સન્ની પજ્જત્ત રે;**
**યોગના ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાયત્ત રે. મન૦"–શ્રી દેવચંદ્રજી.**

## આઠ દૃષ્ટિની યથાર્થ ઉપમા.

અને આમ દૃષ્ટિના સ્થૂળ ભેદરૂપ જે આઠ વિકાસ તબક્કા (stages), તે જ મિત્રાદિ આઠ દૃષ્ટિ. આ સદ્દષ્ટિની અષ્ટધા દૃષ્ટિમાં બોધવિકાસ કેવો થતો જાય છે, બોધપ્રકાશની તરતમતા કેવી હોય છે, તેનો સાધર્મ્યથી અવબોધ થવા માટે **મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ** ઉત્તમ ઉપમાની યોજના કરી છે, કે જેના પરથી સુગમતાથી તે તે દૃષ્ટિના સ્વરૂપનો ઘણો બોધ થઈ જાય છે. આ આઠ દૃષ્ટિને અનુક્રમે (૧) તૃણ* અગ્નિકણની, (૨) છાણાના

---

આ ઉપરથી જોઇ શકાશે કે લગભગ હરિભદ્રસૂરિના સમયથી પાઇય કૃતિ ઉપર એના કર્તાને હાથે સંસ્કૃત વૃત્તિ રચાવી શરૂ થઇ અને એ કાર્ય યશોવિજયગણિ સુધી પ્રાય: અવિચ્છિન્નપણે ચાલુ રહ્યું.

– પાઇય ભાષાઓ અને સાહિત્યની અનભિજ્ઞતા, ઉપેક્ષા અને ઘૃણા તેમજ સંસ્કૃત તરફનો વધારે પડતો પક્ષપાત પાઇય કૃતિઓના પ્રકાશન અને એના યથાર્થ મૂલ્યાંકનનાં માર્ગમાં કંટક સમાન છે તો એને દૂર કરવાની પ્રવૃત્તિ પૂર્ણ ઉત્સાહથી સત્વર પૂરજોસમાં શરૂ થવી ઘટે એટલું સૂચવતો હું વિરમું છું.

---

"तृणगोयमकाष्ठाग्निकणदीपप्रभोपमा ।
रत्नतारार्कचन्द्राभाः सद्दृष्टेर्दृष्टिरष्टधा ॥"—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય. ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિકણની, ( ૩ ) કાષ્ઠના અગ્નિકણની, ( ૪ ) દીપકની પ્રભાની, ( ૫ ) રત્નપ્રભાની; ( ૬ ) તારાપ્રભાની, ( ૭ ) સૂર્યપ્રભાની, ( ૮ ) અને ચંદ્રપ્રભાની,–એમ ઉપમા આપી છે. તૃણ અગ્નિથી માંડીને ચંદ્રપ્રભા સુધી ઉત્તરોત્તર પ્રકાશની તરતમતા છે, તેમ **મિત્રા** દૃષ્ટિથી માંડીને **પરા** દૃષ્ટિ સુધી ઉત્તરોત્તર બોધરૂપ પ્રકાશની તરતમતા છે. આમ આ આઠ દૃષ્ટિને યથાયોગ્ય ઉપમા આપી શાસ્ત્રકાર મહર્ષિએ થોડા શબ્દોમાં ઘણું રહસ્ય ચમત્કારિક રીતે બતાવી દીધું છે, તેનું સવિસ્તર દર્શન આ વિવેચનલેખકે પ્રસ્તુત શ્રી **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથના વિવેચનમાં કરાવ્યું છે. અત્રે વિસ્તારભયથી અંગુલીનિર્દેશમાત્ર કર્યો છે.

મહાસમર્થ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**એ આ યોગદૃષ્ટિને થર્મોમીટરની ( Thermometer ) ઉષ્ણતામાપક યંત્રની ઉપમા આપી છે, તે પણ યથાયોગ્યપણે અત્યંત બંધબેસતી છે. જેમ થર્મોમીટરથી શરીરની ઉષ્ણતાનું–ગરમીનું માપ થઈ શકે છે, તેમ આ યોગદૃષ્ટિ પરથી આત્માની આધ્યાત્મિક પ્રગતિનું, આત્મદશાનું, આત્માના ગુણસ્થાનનું માપ નીકળી શકે છે. હું પોતે કઈ દૃષ્ટિમાં વર્તું છું? મારામાં તે તે દૃષ્ટિના કહ્યા છે તેવા લક્ષણ છે કે નહિં? ન હોય તો તે પ્રાપ્ત કરવા મ્હારે કેમ પ્રવર્તવું? ઇત્યાદિ પ્રકારે અંતર્મુખનિરીક્ષણ ( Introspection ) કરી, આત્મગુણવૃદ્ધિની પ્રેરણા પામવા માટે આ ' યોગદૃષ્ટિ ' આત્માર્થી મુમુક્ષુને પરમ ઉપયોગી છે, પરમ ઉપકારી છે.

### પહેલી ચાર સુધી મિથ્યાત્વ ' ગુણસ્થાનક '

આમાં પ્રથમ ચાર દૃષ્ટિ સુધી જ ' ગુણસ્થાનક ' શબ્દના ખરેખરા અર્થમાં મુખ્ય એવું પહેલું ' મિથ્યાત્વ ગુણસ્થાનક ' હોય છે, પાંચમી દૃષ્ટિથી માંડીને સમ્યક્ત્વ હોય છે. તેમાં પણ તે પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ–પરાકાષ્ઠા છેલ્લામાં છેલ્લી હદ ચોથી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. એટલે **મિત્રા** વગેરે ચાર દૃષ્ટિમાં ઉત્તરોત્તર મિથ્યાત્વનું પ્રમાણ ઘટતું જાય છે, ને તેથી ઉપજતા ગુણનું પ્રમાણ વધતું જાય છે. આમ ચોથી દૃષ્ટિમાં મિથ્યાત્વની માત્રા ઓછામાં ઓછી ને તજ્જન્ય ગુણની માત્રા વધારેમાં વધારે હોય છે. એટલે **દીપ્રા** દૃષ્ટિમાં ઓછામાં ઓછા મિથ્યાત્વવાળું ઊંચામાં ઊંચું ' મિથ્યાત્વ ગુણસ્થાનક ' હોય છે. ત્યારપછી પાંચમી **સ્થિરા** દૃષ્ટિથી માંડીને મિથ્યાત્વનો સર્વથા અભાવ ને સમ્યક્ત્વનો સદ્ભાવ હોય છે.

" કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઈહાં હોવે, સુયશવિલાસનું ટાણું રે. વીર જિનેસર દેશના. "
—શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાય. ૧–૧૫

### આ દૃષ્ટિને ' ભલી ' કેમ કહી ?

આમ દૃષ્ટિ ' ખૂલે ' એ પદનો વિવેક કર્યો; હવે ' ભલી ' શબ્દનો વિચાર કરીએ. ભલી એટલે રૂડી, યથાર્થ, સમ્યક્, સત્. આ મિત્રા આદિ દૃષ્ટિ તે ભલી, રૂડી, સમ્યક્, સત્ દૃષ્ટિ છે. અત્રે **શંકા** થવાનો સંભવ છે કે–**સદ્દૃષ્ટિપણું–સમ્યગ્દૃષ્ટિપણું** તો ગ્રંથિભેદ થયા પછી હોય છે, અને તે ગ્રંથિભેદ તો હજુ આગળ ઉપર ઘણા લાંબા વખત પછી થવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, કારણ કે તે તો પાંચમી દૃષ્ટિમાં થાય છે. એટલે મિત્રા વગેરે ચાર તો મિથ્યાદૃષ્ટિ છે, તો પછી તેને પણ સદ્દૃષ્ટિમાં-સમ્યગ્દૃષ્ટિમાં કેમ ગણવામાં આવી ? તેનું **સમાધાન.**

જે **મિત્રા** વગેરે ચાર દૃષ્ટિઓ છે, તે સમ્યગ્દૃષ્ટિના અમોઘ-અચૂક કારણરૂપ થાય છે, તેટલા માટે **કારણમાં કાર્યના ઉપચારથી** તે મિત્રા વગેરેનું પણ સમ્યગ્દૃષ્ટિપણું ઘટે છે, એટલે જ એને સમ્યગ્દૃષ્ટિની અંદર ગણી છે. આ સમજવા માટે આ દૃષ્ટાંત છેઃ—

## શેરડીમાંથી શુદ્ધ સાકરનું દૃષ્ટાંત.

શુદ્ધ સાકરના ચોસલાની-ખડી સાકરની બનાવટમાં તેની આગલી આગલી અવસ્થાઓ પણ કામની છે. કારણ કે ખડી સાકર બને છે, તે એમ ને એમ બની જતી નથી. શેરડીથી માંડીને શુદ્ધ સાકર સુધીની સઘળી પ્રક્રિયામાંથી તેને પસાર થવું પડે છે, ત્યારે જ ખડી સાકરની પ્રાપ્તિ થાય છે. તે આ પ્રકારેઃ-( ૧ ) પ્રથમ તો શેરડી હોય, ( ૨ ) પછી તેનો રસ કાઢવામાં આવે, ( ૩ ) તેને ઉકાળીને કાવો બનાવાય, ( ૪ ) તેમાંથી ગોળ બને ( ૫ ) ત્યાર પછી તેને શુદ્ધ કરતાં કરતાં તેમાંથી બારીક ખાંડ થાય, ( ૬ ) પછી શર્કરા-ઝીણી સાકર બને, ( ૭ ) અશુદ્ધ સાકરના ગઠ્ઠા-પિંડા થાય, ( ૮ ) અને છેવટે શુદ્ધ સાકરના ચોસલા-ખડી સાકર ( Refined crystallised sugar ) બને. આમ શુદ્ધ સાકરની અવસ્થાએ પહોંચતાં પહેલાં જૂદી જૂદી પ્રક્રિયામાંથી ( Various Processes ) પસાર થવું જ પડે છે.

તેમાં શેરડીથી માંડીને ગોળ બનવા સુધીની ચાર અવસ્થાઓ બરાબર **મિત્રા** વગેરે પહેલી ચાર દૃષ્ટિઓ છે; અને ખાંડથી ખડી સાકર સુધીની ચાર અવસ્થાઓ બરાબર સ્થિરા વગેરે છેલ્લી ચાર દૃષ્ટિઓ છે. એટલે જેમ શુદ્ધ સાકરની બનાવટમાં શેરડીથી માંડીને બધી અવસ્થાઓ ખપની-કામની છે, તેમ શુદ્ધ આત્મસિદ્ધિને માટે **મિત્રા** દૃષ્ટિ વગેરે અવસ્થાઓ પણ તેવા તેવા પ્રકારે ઉપયોગની છે; કારણ કે તે સમ્યગ્દૃષ્ટિનું કારણ થાય છે. આમ આ મિત્રા વગેરે દૃષ્ટિને અત્રે યોગદૃષ્ટિમાં પોતપોતાનું યથાયોગ્ય સ્થાન છે જ.

આ **મિત્રા** વગેરે અવસ્થાઓ ખરેખર ! ઈક્ષુ-શેરડી વગેરે જેવી છે, કારણ કે તેમાંથી **સંવેગરૂપ** માધુર્યનો-મીઠાશની પ્રાપ્તિ થાય છે. મૂળ શેરડી જ ન હોય તો રસ ક્યાંથી નીકળે ? રસ ન હોય તો ગોળ વગેરે કેમ બને ? મીઠી સાકર કેમ નીપજે ? પણ આ **મિત્રા** વગેરે તો શેરડી વગેરે જેવી હોઇ, તેમાંથી અવશ્ય પરમાર્થ પ્રેમરૂપ રસાદિની નિષ્પત્તિ થાય છે, ને મીઠી સાકર જેવા-પરમ અમૃત જેવા **સંવેગ**ની મધુરતાનો અનુભવ થાય છે.

## અભવ્યો અપાત્ર.

આથી ઊલટું અભવ્યો તો નલ જેવા-બરૂ જેવા છે, તેથી કરીને જ તેમને કોઇ કાળે સંવેગરૂપ માધુર્ય નીપજતું નથી. ‘ નલ ’ તો સાવ નીરસ હોય છે, એટલે એને ગમે તેટલો પીલો તોપણ તેમાંથી રસ નીકળતો નથી તો પછી તેમાંથી મીઠી સાકરની પ્રાપ્તિ તો ક્યાંય દૂર રહી ! તેમ આ અભવ્યો પણ તેવા જ નીરસ, ‘ કોરા ધાકોડ ’ હોય છે, તેમને ગમે તેટલા બોધથી પણ પરમાર્થ પ્રેમરૂપ રસ ઉપજતો નથી, તો પછી સંવેગરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અક્ષયતૃતીયા મહાત્મ્ય

લેખકઃ—મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ ( ત્રિપુટી )

આ યુગના આદિ તીર્થંકર શ્રી ઋષભદેવજી ભગવંતે ચાર હજાર ક્ષત્રિયપુત્રો સાથે સંસાર છોડી રાજવૈભવ, કુટુંબપરિવાર, ધન, માલમિલકત, દોલત અને સંપૂર્ણ સાંસારિક વૈભવોનો ત્યાગ કરી શ્રમણપણું સ્વીકાર્યું–અણગાર બન્યા–સાધુતાનો દરવાજો ઉઘાડયો. ક્રોડો વર્ષોથી જે ભૂમિમાંથી સદ્ધર્મનો પ્રલય થયો હતો, અઢાર કોડાકોડી સાગરોપમ સુધી ધર્માભાવ હતો, જ્યાં ધર્મારાધન જેવી વસ્તુ જ સમજાતી નહોતી. ધર્મ કઇ રીતે કરવો ? ધર્મ શા માટે કરવો ? અરે ! ધર્મ શું છે તે પણ જ્યારે જનતા જાણતી ન હતી ત્યારે નાભિરાજા અને મરૂદેવાના સુપુત્ર શ્રી ઋષભદેવજીએ ધર્મનું સ્થાપન કરવા, શ્રમણજીવન સ્વીકાર્યું. અઢાર કોડાકોડી સાગરોપમ પછી પ્રથમ ધર્મપ્રરૂપક શ્રી ઋષભદેવજી થયા.

અહા ! એ અદ્‌ભૂત શ્રમણ જીવન બહુ જ કઠીન અને દુસ્તર હતું. જે ઋષભદેવ રાજમહેલમાં રહેતા, જેમની સેવામાં એક કહેતાં એકવીશ હાજર રહેતા, અરે ! જેમને પાણી માંગતાં દૂધ મલતું હતું, જે ગૃહસ્થ જીવનમાં નિરંતર દેવોએ ધરેલાં કલ્પવૃક્ષનાં સ્વાદુ

---

મીઠી સાકરની આશા કયાંથી હોય ? આવા અભવ્યો ભલે પરમાર્થ પ્રેમ વિનાની નીરસ–સાવ સુક્કી એવી અનંત દ્રવ્ય ક્રિયા કર્યા કરે, અથવા તો 'ખૂબ શાસ્ત્રો* ભણી મોટા પંડિત શ્રુતધર બને, પણ તેઓ પોતાની પ્રકૃતિને કદી છોડતા નથી,–ગોળવાળું દૂધ પીને પણ સાપ નિર્વિષ થાય નહિં તેમ' કારણ કે તેઓના હૃદયમાં કદી પણ પરમાર્થરસનો અંકુર ફૂટતો નથી, આમ હોવાથી તેઓ મોક્ષમાર્ગ પામવાને સર્વથા અયોગ્ય છે, એટલા માટે જ તે 'અભવ્ય' કહેવાય છે. એટલે અર્થાપત્તિ ન્યાયથી તેવા પુરુષો આ મિત્રા વગેરે દૃષ્ટિ પામવાને પણ યોગ્ય નથી હોતા, કારણ કે જો તે પામે તો તે 'અભવ્ય' કયાંથી રહે ?

## 'દૃષ્ટિ ખૂલે ભલી રે.'

આમ આ મિત્રા વગેરે દૃષ્ટિ પામે તે ભવ્ય જ હોય, અભવ્ય હોય જ નહિં, એટલા માટે એની પ્રાપ્તિને અત્રે 'ભલી' કહી છે તે યથાર્થ છે. કારણ કે તે આત્માનું ખરેખરૂં ભલું કરનારી, કલ્યાણ કરનારી–કલ્યાણમાર્ગે ચઢાવનારી છે.

ઈત્યાદિ પ્રકારે યોગદૃષ્ટિ સંબંધી આ સમસ્ત આશય હૃદયમાં રાખી પરમ ઉદાર આશયગંભીર મહાત્મા આનંદઘનજીએ 'દૃષ્ટિ ખૂલે ભલી રે' એવો પરમ અર્થગર્ભ શબ્દ-પ્રયોગ કર્યો છે; અને તે અત્યંત મહત્ત્વનો હોવાથી તે પરિસ્ફુટપણે સમજાવવા માટે અને તેનો પૂર્વપશ્ચાત્ યથાયોગ્ય ભૂમિકા ( proper perspective ) દર્શાવવા માટે આટલું પ્રાસંગિક વિવેચન કરવું પડ્યું. અસ્તુ ! હવે આગળ વધીએ ! ( અપૂર્ણ )

---

* "ण मुयइ पयडिमभव्वो सुट्ठुवि अज्झाइऊण सत्थाणि ।
गुडदुद्धंपि पिबंता ण पण्णया णिव्विसा हुंति ॥"
—શ્રી કુંદકુંદાચાર્યજીકૃત સમયસાર ગા. ૩૧૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીષ્ટ ફ્લોનો આહાર કરતાં અને જેઓ ક્ષીરોદધિનું અમૃત જલ પીતા હતા, જે નિરંતર હાથીની અંબાડી ઉપર કે અશ્વરાજ ઉપર બેસીને પરિભ્રમણ કરતા અને હજારો નરપુંગવો જેમની સેવા ઉઠાવવા, આદેશ માગવા સેવામાં હાજર રહેતા હતા તે ઋષભદેવજી ચાર હજાર ક્ષત્રિય નરપુંગવો સાથે પાંચ મહાવ્રત ઉચ્ચરી; પ્રથમ નરેશ્વર, પ્રથમ યતીશ્વર બન્યા.

ઉગ્ર યતિવ્રત સ્વીકારી કંચન અને કામિનીનો ત્યાગ કરવા સાથે અંતરંગ શત્રુઓને જીતવા, અરિહંત બનવા સર્વસાવદ્યનો ત્યાગ કરી સાચા સાધુ બન્યા. ઉઘાડા માથે અને ખુલ્લા પગે મૌનપણે રહી અપ્રતિબદ્ધ ઉગ્રવિહારી બન્યા. એમને ક્યાંય બંધન ન્હોતું, એમને દીનતા, ભય કે ખેદ ન્હોતાં. અદીન, અભય અને અખેદ દશા પામી આત્માનંદમાં લીન બની ભૂતલને પાવન કરી રહ્યા હતા.

– ફાગણ વદી અષ્ટમીએ તેમણે મહાવ્રત સ્વીકાર્યા " **सर्व सावज्जं जोगं पच्चक्खामि** "-ની મહાન પ્રતિજ્ઞા કરી ચાલી નીકળ્યા. આજીવન હિંસા, જૂઠ, અદત્ત, મૈથુન, પરિગ્રહનો ત્યાગ કરી **सव्वाओ पाणाइवायाओ वेरमणं**—સર્વથા પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું, હિંસાથી વિરામ પામું છું, આ યુગમાં સૌ પ્રથમ અહિંસાના મહામંત્રની ઉદ્દઘોષણા કરનાર આ શ્રી ઋષભદેવજી ભગવંત છે. કદીયે કોઇ પણ જીવની હિંસા ન કરું, ન કરાવું, ન અનમોદું અને તે પણ મનથી, વચનથી કે કાયાથી આવી ભીષણ પ્રતિજ્ઞા લઇ અહિંસા ધર્મનો વિજય ધ્વજ ફરકાવવા ચાલી નીકળ્યા. સર્વ જીવો સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થનું પાથેય લઇ ચાલી નીકળ્યા. સાથે જ દઢ પ્રતિજ્ઞા હતી કે *કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મૌન રહેવું.

સાધુ જીવનની તીવ્ર કઠોરતમ પરીક્ષાના દિવસો હવે જ ચાલ્યા આવે છે. ચાર હજાર નરપુંગવો સાથે દીક્ષા લઇ ચાલી નીકળ્યા છે. પ્રથમ તો ત્રણ ઉપવાસ હતા. પછી આવ્યો પારણાનો શુભ દિવસ તે વખતની યુગલિક જનતા સાધુ શું? ધર્મ શું? દાન શું? સાધુ-પુરુષોને કઇ રીતે દાન દેવાય તેથી અનભિજ્ઞ હતી. તેની વિધિની કોઈને ખબર નથી.

શ્રી ઋષભદેવજી ભગવંત તો મૌન રહે છે. હવે ભિક્ષા કઇ રીતે લેવાય! તેની વિધિ બીજા કોઇ સાધુ મહાત્મા જાણે નહિં. ભૂખ અને તરસથી સાથેના સાધુ મહાત્માઓ વ્યાપ્ત થયા. દિવસો જાય છે. ઋતુ અનુસાર ગરમી વધતી જાય છે અને તેમ તેમ અન્ય સાધુ-મહાત્માઓ પણ ભૂખ અને તરસના ઉપદ્રવથી–ઘોર ઉપદ્રવથી પીડાય છે.

આખરે ચાર હજાર નરપુંગવો–સાધુમહાત્માઓ ભૂખ અને તરસના ઘોર ઉપદ્રવથી કંટાળી પ્રભુજીનો સાથ છોડી દઇ વનવાસ સ્વીકારે છે. દાક્ષિણ્યતા, લજ્જા, એમનું ઉત્તમ કુલ એમને ઘેર જવા ના પાડે છે અને ભરતમહારાજા શું કહેશે? એ ડરે પણ પાછા જવાની ભાવના નથી જ થતી. તેમજ સંસાર પ્રતિ કે ગૃહવાસ પ્રતિ આસક્તિ પણ નથી કિન્તુ સાધુજીવન પાળવાના નિમિત્તભૂત ભિક્ષા–માધુકરી વૃત્તિનું જ્ઞાન નથી તેથી જંગલવાસ સ્વીકારે છે અને સાધુ જેવી વૃત્તિમાં રહે છે.

આ બાજુ શ્રી ઋષભદેવજી ભગવંત તો અદીનપણે, અખેદ વૃત્તિએ અને પરમ

* શ્રી તીર્થંકર ભગવંતોનો એ કલ્પ છે કે–કેવલજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી મૌન રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભયી બનીને ભૂતલમાં વિચરી રહ્યા છે. ગ્રામાનુગ્રામ વિચરે છે. ભિક્ષા માટે યથાસમયે જ્યારે જ્યારે જાય છે; જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં સર્વત્ર હાથી, ઘોડા, હીરા, મોતી, સુવર્ણ અને પુત્રોનું દાન મલે છે. એમણે વર્ષીદાનમાં આવી ઉત્તમ વસ્તુઓનાં દાન આપ્યાં હતાં. પ્રજા સમજે છે આવા જ દાન અપાય.

કર્મશત્રુને જીતતા, અંતરાયના બંધનોને તોડતા આ મહાયોગિરાજ, સાધુશિરોમણિ હસ્તિનાપુર નગરમાં પધારે છે. દીક્ષા સ્વીકાર્યે એક વર્ષ વ્યતીત થઇ ગયું છે. જનતા એમ જાણે છે–આજે લેશે, કાલે લેશે પણ પ્રભુજીને તો નિરવદ્ય–નિર્દોષ–શુદ્ધ આહાર નથી મળતો એટલે કશું લેતા જ નથી.

ઉનાળાની ધોમધીખતી ગરમીમાં પણ ભૂખ અને તરસને જીતતા અદીનપણે વિચરે છે. ચોમાસું આવ્યું. મુશલધાર વૃષ્ટિ પડી ગઇ. ધરતી લીલીછમ થઇ કિન્તુ પ્રભુજીને પારણું ન થયું તે ન જ થયું. આખરે ચાતુર્માસ પણ પરિપૂર્ણ થયું અને પુનઃ અપ્રતિબદ્ધ વિહાર શરૂ થયો. કડકડતી ઠંડીના દિવસો આવ્યા. શરીર ધ્રૂજાવી નાંખે તેવી ઠંડી પડી, પરંતુ ભગવાન ઋષભદેવજી તો પોતાની દૃઢ પ્રતિજ્ઞામાં અટલ અને અચલ રહી અદીનપણે વિચરી રહ્યા હતા.

સતત આત્મજાગૃતિ, આત્મચિંતવન અને સાથે જ ષડ્દ્રવ્યની વિચારણા ચાલતી હતી. ચાર જ્ઞાનસંપન્ન મહાત્મા શરીરની પરવા કર્યા સિવાય આત્માનંદમાં મસ્ત બની આત્માની અનંત શક્તિઓના આનંદમાં તદાકાર બની અપ્રતિબદ્ધપણે વિચરતા હતા. પુનઃ ફાગણ વદિ અષ્ટમી આવી કિંતુ પારણું થયું ન હતું. વળી એ જ ગરમીના દિવસો આવ્યા. ભગવાન ઋષભદેવજી એકાકી વિચરતા વિચરતા હસ્તિનાપુર નગરે પધાર્યા.

બરાબર મધ્યાહ્ન થયો છે. માથે સૂર્ય તપે છે. નીચે ધરતી તપે છે અને વૈશાખ શુદિ ત્રીજના દિવસે.ભગવંત ગૌચરી માટે નીકળ્યા છે. સાથે જ હસ્તિનાપુરની ભગવદ્ભક્ત જનતાનું ટોળું પણ ચાલી રહ્યું. હે ભગવાન ! આ લ્યો. આ લ્યો. હીરા, મણિ, માણેક, મોતી, હાથી, ઘોડા વગેરે વગેરે જે ખપે તે લ્યો, પણ કંઇક લ્યો. હસતે મુખડે પ્રભુજી કાંઇ પણ લીધા વિના બધેથી પાછા ફરે છે.

આજ સવારે જ હસ્તિનાપુરનગરના રાજવીને, યુવરાજ શ્રેયાંસકુમારને અને નગર શ્રેષ્ઠીને સ્વપ્નું આવ્યું છે. (૧) એક મહાપુરુષ કર્મશત્રુઓ સાથે યુદ્ધ કરે છે તે શ્રેયાંસકુમારની સહાયતાથી વિજયી બન્યા. (૨) પ્રતાપી સવિતાનારાયણ ઝાંખા બન્યા છે, તેનાં કિરણો ખરી પડે છે. શ્રેયાંસકુમાર તે કિરણોને યથાસ્થાને ગોઠવે છે અને સવિતાનારાયણ પુનઃ તેજસ્વી બને છે. (૩) મેરુપર્વત કાન્તિહીન–શ્યામ બની ગયો છે, શ્રેયાંસકુમાર તેને ઉજ્જવળ કરે છે.

રાજદરબાર ભરાય છે. બધા સ્વપ્નાંના વૃત્તાંતો કહેવાય છે અને બધાને નિશ્ચય થાય છે કે શ્રેયાંસકુમારને મહાન લાભ પ્રાપ્ત થશે. સભા બરખાસ્ત થઇ. સૌ સૌના સ્થાને ગયા. શ્રેયાંસકુમાર રાજમહેલમાં બેઠા છે. આ સમયે તેમની પાસે તાજા શેરડીના રસથી ભરેલા ઘડા લાવવામાં આવ્યા. અને તે જ વખતે બહાર જનતાનો કોલાહલ સંભળાયો. આ નથી લેતા, તે નથી લેતા, કશું નથી લેતા. ભૂખ્યા ને તરસ્યા વિચરે છે, અરે ! તેમને ભૂખ અને તરસ પણ ન લાગતાં અદીનપણે કેવા વિચરે છે. લલાટ ઉપર તપસ્યાનું તેજ ચમકે છે. શાંતિ, આનંદ અને સમભાવભર્યા; ઇર્યાસમિતિ પાલતા મૌનપણે કેવા ચાલ્યા જાય છે. આવા શબ્દોનો કોલાહલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેયાંસકુમારના કર્ણપુટમાં અથડાયા. કોલાહલનું નિમિત્ત શું છે તે જોવા રાજમહેલના ઝરૂખામાં આવ્યા અને વિજળીનો ચમકારો થાય તેમ ચમકયા. આ કોણ? મેં એમને, આ વેષને કયાંક જોયા છે. આ ઊહાપોહ થતાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. જ્ઞાનથી પૂર્વભવ-સાધુજીવન-સાધુદિનચર્યા જાણ્યાં. ભિક્ષાનો વિધિ જાણી અને એકદમ પરમ ઉલ્લાસ, આહ્લાદ અને પરમ આનંદથી પ્રફુલ્લિત બની નીચે આવી વિધિપૂર્વક ભગવંતને નમસ્કાર કરી આહાર માટે વિનંતિ કરી. શુદ્ધ ઇક્ષુરસ નિર્વદ્ય આહાર છે. હે પ્રભો! આપ સ્વીકારો. પ્રભુએ જ્ઞાનથી નિર્દોષ શુદ્ધ આહાર જાણી કરસંપુટમાં જ ઇક્ષુરસનો આહાર સ્વીકાર્યો.

એ આહાર સ્વીકારી પ્રથમ પારણું કર્યું તે જ આજનો **અક્ષયતૃતીયા**નો દિવસ. આજના દિવસનો એ અપૂર્વ મહિમા છે. એક વર્ષ અને ચાલીશ દિવસે આ યુગના પ્રથમ યતીશ્વર, પ્રથમ તીર્થંકર ભગવંતનું પ્રથમ પારણું ઇક્ષુરસથી થયું અને તેથી જ કહેવાયું કે—

**" सिरिसेयंसकुमारो निस्सेयससामिओ कहं न होइ।**

**फासुअदाणपवाहो, पयासिओ जेण भरहंमि ॥ "**

આ યુગમાં જેમણે ફાસુક-નિર્દોષ દાનપ્રવાહ આ ભરતક્ષેત્રમાં શરૂ કર્યો તે શ્રેયાંસકુમાર શા માટે મોક્ષના સ્વામી ન થાય? થાય જ. આ દાનથી શ્રેયાંસકુમાર અક્ષય મોક્ષપદ પામ્યા તેમ આપણે પણ ભક્તિથી, વાત્સલ્યથી દાન આપી-અક્ષયપાત્રમાં દાન આપી અક્ષયપદ પામીયે. હે ભગવંત! આ યુગમાં માંગ્યું મળતું હોય તો શ્રી ઋષભદેવ ભગવંત સમાન ઉત્તમ પાત્ર; શ્રેયાંસકુમાર સમાન અદ્ભુત પવિત્ર શુદ્ધ ભાવના અને નિર્દોષ ઇક્ષુરસ જેવી દેવાની વસ્તુ ભવોભવ પ્રાપ્ત થજો.

આ અક્ષયતૃતીયા મહાપર્વનો દિવસ દર વર્ષે આવે છે. ભારતીય પ્રજા, રાજા કે રંક દરેક આ પર્વ માને છે અને ઉજવે છે. આપણામાં ભાગ્યશાળી તપસ્વીઓ વર્ષીતપ જેવી તપશ્ચર્યા કરીને આજે પારણું કરી-ઇક્ષુરસનું પારણું કરી આ પર્વને ઉજવે છે.

શત્રુંજયની છાયામાં સેંકડો તપસ્વીજનો પારણા નિમિત્તે આવે છે; મુમુક્ષુ ભવ્ય પ્રાણીઓ પારણા સમયે ઉપસ્થિત થાય છે. તપસ્વી જનોની ભક્તિ કરે છે અને આત્મ-કલ્યાણનાં પુનિત પંથને ભુરિભુરિ અનુમોદે છે. આપણે પણ નીમ્ન સ્તુતિ કરી પવિત્ર થઇએ.

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો;
ગુણનીલો જેણે તુજ નયણ દીઠો.
દુઃખ ટળ્યાં સુખ મળ્યાં સ્વામી તુજ નિરખતાં,
સુકૃત સંચય હુઓ પાપ નીઠો. ૧

× × ×

કોડી છે દાસ વિભુ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;
પતિતપાવન સમો જગત ઉદ્ધારકર,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદા કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને પોણા ત્રણુસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨–૪–૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ–સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## આગમોનું દિગ્દર્શન લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

શ્રી હીરાલાલભાઇની વિદ્વત્તાથી આજે કોણુ અજાણુ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ.

---

## દાનધર્મ, પંચાચાર લેખક—શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાંચ આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇના આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય રૂા. એક.

---

## પાઠશાળા ઉપયોગી પુસ્તકો આવી ગયા છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણ મૂળ | રૂા. ૧–૪–૦ | ગુણુસાર (કથા) | ૦–૮–૦ |
| શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ. | રૂા. ૦–૬–૦ | જયવિજય ( ,, ) | ૦–૮–૦ |
| શ્રી અર્હંત-પ્રાર્થના (સ્તુતિ) | ૦–૪–૦ | હરિબલ ( ,, ) | ૦–૮–૦ |
| આત્મવાદ | ૦–૧૦–૦ | વિક્રમાદિત્ય ( ,, ) | ૦–૧૦–૦ |
| | | જ્ઞાનપંચમી માહાત્મ્ય (વરદત્ત ગુણુમંજરી) ( ,, ) | ૦–૮–૦ |

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

જાહેરાતને પરિણામે થોડી જ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે તુરત જ લખી જણાવો.

## શ્રી આનંદઘનજી–ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી એક મંત્રરૂપ છે. પાકું કપડાનું બાઇડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ.

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઇડીંગ અને પાંચશે લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ

મહાપ્રભાવિક નવસ્મરણ ઉપરાંત ઘંટાકર્ણ, સરસ્વતી મંત્ર, ઋષિમંડળ, ગૌતમસ્વામી રાસ વિગેરે ઉપયોગી સ્મરણોનો સંગ્રહ. ગુજરાતી ટાઇપ, પોકેટ સાઇઝ, પાકું કપડાનું બાઇડીંગ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ અલગ.

લખો—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ— મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડો. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ્યુ છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોરટેજ ત્રણ આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only